dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue - 211 | AD - 2024, Chaitra Vad - 12 | Sunday, Dt.05-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## વડાપ્રધાને કોંગ્રેસ અને ઝારખંડની સત્તાધારી પાર્ટી જેએમએમ પર જાહેર સંપત્તિ હડપ કરવાનો આરોપ લગાવ્યો

# તમારા આ એક વોટની શક્તિથી આજે ભારતને વિશ્વ સલામ કરે છે : મોદી

(એ.આર.એલ),પલામુ,તા.૪

ત્રીજા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણીના પ્રચાર માટે ઝારખંડ પહોંચ્યા હતા. તેમણે ઝારખંડના પલામુમાં પ્રચાર દરમિયાન એક રેલીને પણ સંબોધિત કરી હતી. રેલીમાં હાજર લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે ભાજપ અને ઝારખંડ વચ્ચે ગાઢ સંબંધ છે. તેમણે કોંગ્રેસ અને રાજ્યની સત્તાધારી પાર્ટી ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) પર જાહેર સંપત્તિ હડપ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે તેઓ રાજ્યમાં રોજગાર વધારવા માંગે છે.

પલામુમાં રેલીને સંબોધતા પીએમ મોદીએ વોટિંગના મહત્વ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે જે કામ ૫૦૦ વર્ષમાં નથી થયું તે જનતાના એક વોટથી પૂરું થયું. આજે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થયું છે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, "તમારા એક વોટનું મહત્વ તમે બધા સારી રીતે જાણો છો. ૨૦૧૪માં તમારા એક વોટે એવું કામ કર્યું કે આખી દુનિયા ભારતની લોકશાહીની તાકાતને સલામ કરવા લાગી. ૨૦૧૪માં તમારા એક વોટથી તમે કોંગ્રેસની ભ્રષ્ટ સરકારને હટાવી, તમારા એક વોટથી ભાજપ-એનડીએની સરકાર બની.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, "તમારા આ એક વોટની શક્તિથી, આજે ભારત આખી દુનિયામાં તરંગો ઉભો કરી રહ્યું છે.

૫૦૦ વર્ષથી, આપણી ઘણી પેઢીઓ સંઘર્ષ અને રાહ જોઈ રહી છે, લાખો લોકો શહીદ થયા છે, આ ૫૦૦ વર્ષો લાંબો સંઘર્ષ કદાચ ઈતિહાસમાં ક્યાંય થયો નથી જેટલો લાંબો સંઘર્ષ અયોધ્યામાં થયો હતો. પીએમ મોદીએ કહ્યું, "તમારા એક વોટની શક્તિથી જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની દીવાલ જમીનમાં દાટી દેવામાં



આવી. આપણા ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, બિહાર અને આંધ્રપ્રદેશમાં, પશુપતિથી તિરુપતિ સુધી, નકસલવાદ અને આતંકવાદનો નાશ થયો છે. તમારા એક મતે ઘણી માતાઓની આશા પૂરી કરી અને આ ભૂમિને નકસલવાદી આતંકવાદથી મુક્ત કરી.

પીએમ મોદીએ રેલીમાં કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે એક એવી સ્થિતિ હતી જ્યારે કાયર કોંગ્રેસ સરકાર આતંકવાદી હુમલા પછી આખી દુનિયામાં રડતી હતી. આજે સ્થિતિ એવી છે કે પાકિસ્તાન આખી દુનિયામાં રડી રહ્યું છે. રાહુલ ગાંધીને ઘેરતા તેમણે કહ્યું કે આજે પાકિસ્તાનના નેતાઓ કોંગ્રેસના રાજકુમારને પીએમ બનાવવાની પ્રાર્થના કરી રહ્યા છે.

વડાપ્રધાને વધુમાં કહ્યું, "એક મજબૂત ભારત હવે એક મજબૂત સરકાર ઈચ્છે છે. આખું ભારત કહી રહ્યું છે - મજબૂત ભારત માટે મજબૂત સરકાર, મજબૂત સરકાર માટે મોદી સરકાર."રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, "કોંગ્રેસના રાજકુમારો મોદીના આંસુમાં તેમની ખુશી શોધી રહ્યા છે. તેઓ કહે છે કે મોદીના આંસુ સારા લાગે છે. આ નિરાશ લોકો હવે હતાશ થઈ ગયા છે. પીએમ મોદીએ કહ્યું કે જનતાની સેવા કરતા ૨૫ વર્ષ થવાના છે, પરંતુ આ ૨૫ વર્ષમાં મોદી પર એક પૈસાના કૌભાંડનો પણ આરોપ નથી લાગ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યની સત્તાધારી પાર્ટી જેએમએમ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે જેએમએમ અને કોંગ્રેસના નેતાઓએ ભ્રષ્ટાચાર દ્વારા અપાર સંપત્તિ બનાવી છે. સંપત્તિ હોય, રાજનીતિ હોય, તેઓ પોતાના બાળકો માટે બધું કમાઈ રહ્યા છે. તેઓ તેમના બાળકો માટે વારસા તરીકે ઘણું કાળું નાણું છોડી જશે. કોંગ્રેસ અને જેએમએમ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે, "હું ગરીબીનું જીવન જીવીને આવ્યો છું. તેથી છેલ્લા ૧૦ વર્ષમાં દરેક ગરીબ કલ્યાણ યોજનાની પ્રેરણા મારા જીવનના અનુભવો છે. આજે જ્યારે હું લાભાર્થીઓને મળું છું ત્યારે આંસુ આવી જાય છે. જેમણે ગરીબી જોઈ છે, દુઃખમાં જીવ્યા છે તે જ આ આંસુ સમજી શકે છે.

વડાપ્રધાને કહ્યું કે તેઓ ઝારખંડમાં રોજગાર વધારવા અને અહીંના લોકોના જીવનમાં સમૃદ્ધિ લાવવા માંગે છે.






## અંતે કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવ્યો

ન્યૂ દિલ્હી,તા.૪

કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે, જોકે આ માટે મિનિમમ એક્સપોર્ટ પ્રાઈસ (MEP) ૫૫૦ ડોલર એટલે કે લગભગ રૂ ૪૫,૮૦૦ પ્રતિ મેટ્રિક ટન નક્કી કરવામાં આવી છે, એટલે કે નિકાસ કરવા માટે ડુંગળીની કિંમત ઓછામાં ઓછી રૂ. ૪૫,૮૦૦ પ્રતિ મેટ્રિક ટન હોવી જોઈએ. આ આદેશ આજથી જ અમલમાં આવ્યો છે અને આગામી આદેશ સુધી માન્ય રહેશે. આ ઉપરાંત



સરકારે ડુંગળીની નિકાસ પર ૪૦% એક્સપોર્ટ ડ્યૂટી લાદવાનો પણ નિર્ણય લીધો છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં જ્યારે ડુંગળીનો ભાવ ૭૦ થી ૮૦ રૂપિયા સુધી પહોંચી ગયો હતો ત્યારે સરકારે ડુંગળીના એક્સપોર્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો.

























# ઈશ્વરીયા ખાતે અમરેલી જિલ્લા સહકાર સંમેલન યોજાયું

અમરેલી, તા.૪

અમરેલી જિલ્લા સહકાર સંમેલનનું આયોજન અમરેલીના ઈશ્વરીયા ગામે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષસ્થાને યોજાયું હતુ.

આ સહકાર સંમેલનમાં પ્રભારી ધર્મેન્દ્રસિંહ જાડેજા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જેવી કાકડિયા, જનકભાઈ તળાવિયા સહિત ભાજપ સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સંબોધન કરતા દિલીપ સંઘાણીએ જણાવેલ કે દરેક સહકારી કાર્યકર્તા પોતાનું બુથ મજબૂત થાય તે માટે પ્રયત્ન કરે અને નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં એક કમળ અમરેલીનું જવુ જોઈએ. દિલીપભાઈ સંઘાણીએ ભારત સરકારનું સહકાર મંત્રાલય બન્યા બાદ ડેટાબેઝ તૈયાર કરવો, રાષ્ટ્રીય કક્ષાએ ઓર્ગેનિક બીજ તથા એક્સપોર્ટના નિગમો બનાવ્યા અને ખેડૂતો સીધા વેપાર કરી શકે તેવી વ્યવસ્થાઓ ઉભી કરી છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં



સહકાર મંત્રાલય દ્વારા નવી નવી યોજનાઓ અને ડેટાબેઝ તૈયાર કરવામાં આવેલો છે તે અંગેની માળખાકીય સુવિધાઓ શું શું આપવામાં આવેલી છે, યોજનાઓ કઈ કઈ છે તે બાબતે ઊંડાણપૂર્વક વિગતો આપી હતી. તેમજ કોંગ્રેસની સરકારમાં ખેડૂતને કેસીસી ધિરાણ ૧૮% એ મળતું હતું તે અત્યારે ખેડૂતોને વગર વ્યાજે કેસીસી ધિરાણ મળે છે એ બાબતે વાત કરી હતી. પ્રભારી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ અબ કી બાર ૪૦૦ કે પાર અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પાંચ લાખ કરતાં વધારે મતોથી વિજેતા થાય તે માટે કામે લાગવા અપીલ કરી હતી. આ તકે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવેલ કે કોંગ્રેસ પાર્ટી હિન્દુત્વ વિરોધી પાર્ટી છે અને ભરતભાઈ સુતરીયાને જંગી બહુમતી જીતાડવા માટે અપીલ કરી હતી. સાંસદ નારણભાઈ કાછડીયા અશ્વિનભાઈ સાવલિયા સહિતનાઓએ પણ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું અને સ્વાગત પ્રવચન અમરેલી જિલ્લા સહકારી સંઘના પ્રમુખ મનીષભાઈ સંઘાણીએ કર્યુ અને આભાર વિધિ અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયાએ કરી હતી. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં જિલ્લાના વિવિધ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારના સહકારી આગેવાનો કાર્યકર્તાઓ અને ઈશ્વરીયાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# સાવરકુંડલા શહેરમાં રન ફોર વોટ રેલી યોજાઈ

સાવરકુંડલા,તા.૪




સાવરકુંડલા પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને મતદાન જાગૃતિ માટે રન ફોટ વોટની રેલી નીકળી હતી પ્રાંત અધિકારી,તથા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, પોલીસ ઈન્સ્પેકટર અને અન્ય અધિકારીઓ દ્વારા નગરપાલિકા સાવરકુંડલા ખાતેથી લીલીઝંડી આપી રેલીની શરૂઆત કરવામાં આવી જે નગરપાલિકા ખાતે પૂર્ણ થઈ હતી.

# બગસરામાં અનેક રોગોને આમંત્રણ આપનાર દૂષિત પાણીથી લોકો પરેશાન

બગસરા,તા.૪

બગસરામાં પાલિકા દ્વારા દૂષિત પાણીનું વિતરણ થતાં લોકો પરેશાન થઈ ગયા છે. જેના કારણે શહેરના નટવર નગર વિસ્તારમાં ચિકનગુનિયા જેવા રોગોએ ઘરે ઘરે ભરડો લીધો છે. શહેરના જેતપુર રોડ પર આવેલ વિસ્તારમાં દૂષિત પાણીને કારણે તાવ શરદીનાં



તસવીર : હાર્દિક બામટા

અઢળક કેસ આવી રહ્યાં છે. આ મામલે એક જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ કરવામાં આવે તો તંત્ર દ્વારા ઉડાઉ જવાબ આપવામાં આવ્યો કે પાણી તો દૂષિત જ આવશે જેના કારણે લોકોમાં ભારે ગુસ્સો જોવા મળી રહ્યો છે. આ બાબતે પાલિકા પ્રમુખને પૂછતા તેમણે જણાવ્યું કે આ બાબતની ફરીયાદ અમને મળી છે અને તેના ઉપર કાર્યવાહી કરી ક્લોરિનની માત્રા વધારી દેવામાં આવી છે પરતું હાલમાં ડેમનું પાણી વિતરણ કરવામાં આવે છે તે માટે થોડું દૂષિત આવે છે. જોકે શહેરમાં રોગચાળાના વધતા કેસોને કારણે લોકોના જીવન પર માઠી અસર જોવા મળી છે ત્યારે પાલિકા લોકોના જીવન સાથે આવા ચેડા કરી રહી છે જેના લીધે લોકોના મનમાં અનેક સવાલો ઉઠી રહ્યાં છે.

# સાવરકુંડલા શહેરમાં ૨૫૦૦ પરિવારોને છાશ વિતરણ



તસવીર : સૌરભ દોશી


સાવરકુંડલા,તા.૪

સાવરકુંડલા ખાતે સેવાભાવી આગેવાનો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં છાશ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. દાતાઓના સહકારથી અંદાજે ૨૫૦૦ જેટલા પરીવારોને છાશ વિતરણ કરી તેમની જઠરાગ્નિ ઠારવામાં આવે છે.

# બાબરા જીઆઈડીસીમાં આગ લાગતા અમરેલી ફાયરની ટીમ દોડી

અમરેલી,તા.૪

અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો સડસડાટ ઉપર ચડી રહ્યો છે, જેના કારણે આગ લાગવાની ઘટનાઓ વારંવાર બની રહી છે. ગઈકાલે બાબરા વિસ્તારમાં આવેલી જી.આઈ.ડી.સી. માં અજુહા નામની કંપનીમાં વહેલી સવારે કોઈ કારણોસર આગ લાગી હતી. જેથી અફરાતફરી મચી હતી. ત્યારે અમરેલી ફાયર કંટ્રોલને જાણ કરતા ફાયર વિભાગની ૨ ટીમ ફાયર ઓફિસર સાથે બે ટેન્ક મારફતે ઘટના સ્થળે આવી પહોંચી હતી. આગ પર કંટ્રોલ કરવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો, જેના કારણે આગ ઉપર ઘણા અંશે કંટ્રોલ કરી લીધો હતો.



# જે.પી. સોજીત્રાએ ઘરગથ્થું ઉપચારની બૂક વિતરણ કરી લગ્નની વર્ષગાંઠ ઉજવણી

અમરેલી,તા.૪



અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અને સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા જે.પી સોજીત્રાએ પોતાના લગ્નજીવનની ૪૨મી વર્ષગાંઠની અનોખી રીતે ઉજવણી કરી છે. તેમણે સામાન્ય લોકોને ઉપયોગમાં આવે તે માટે ઘરગથ્થુ ઉપચારની બુક બનાવી વિનામૂલ્યે વિતરણ કર્યુ હતુ. જેમાં હઠીલા તથા સામાન્ય રોગના ઘરગથ્થુ ઉપચારોની સુંદર માહિતી આપવામાં આવી છે.

# જિલ્લામાં ચૂંટણીપંચ દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ

અમરેલી,તા.૪

અમરેલી સહિત ગુજરાતમાં મતદાનને હવે માત્ર ત્રણ દિવસ બાકી છે ત્યારે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે જેમાં મતદારોને આકર્ષિત કરવા માટે રોકડ રકમ કે શરાબ અથવા અન્ય કોઈપણ ચીજવસ્તુઓનું વિતરણ કરવું તે ગુનો ગણાશે. મતદારોને આકર્ષિત કરવા માટે લાંચ આપનાર કે લાંચ લેનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. લાંચ આપનાર કે લાંચ લેનાર બંને સામે કેસ નોંધવા માટે તમામ પોલીસ સ્ટેશન ખાતે ફ્લાઈંગ સ્કવોર્ડ સક્રિય છે. આ ગુના માટે એક વર્ષ જેલની સજા અને દંડની જોગવાઈ છે. અમરેલી જિલ્લામાં કોઈપણ વિધાનસભા મતદાર વિભાગમાં રૂ.૫૦ હજાર કે તેનાથી વધુની રોકડ રકમ સાથે લઈ જનાર તમામ વ્યક્તિઓની રકમ ફ્લાઈંગ સ્કવોર્ડ કે સ્થાયી દેખરેખ ટુકડીઓ દ્વારા જપ્ત કરવામાં આવે છે

# અમરેલીના વિવિધ તાલુકાઓમાં મતદાનનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો

અમરેલી તા.૦૪

અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં મતદાન જાગૃતિનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો. જેમાં બગસરામાં વેપારીઓ દ્વારા વસ્તુઓ પર 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' સ્ટીકર્સ લગાડવામાં આવ્યા. વેપારીઓએ વસ્તુઓના વેચાણ



સાથે નાગરિકોને મતાધિકારનો સંદેશ આપી મતદાન જાગૃતિ અભિયાનમાં પોતાનું યોગદાન નોંધાવ્યું હતું. ખાંભામાં પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જ્યારે બાબરામાં પણ તાલુકા પંચાયત, બાબરા બસ સ્ટેશન અને નાગરિકોની અવરજવર વધુ રહેતી હોય તેવા વિસ્તારોમાં અચૂક મતદાન કરવા માટેનો સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો.

# નિત્યમ વિદ્યા સંકુલના સ્થાપકે ૪૦૦૦ વૃક્ષ વાવી જન્મ દિવસની ઉજવણી કરી

અમરેલી,તા.૪

નિત્યમ વિદ્યા સંકુલના સ્થાપક, ચેરમેન અને યુવા કેળવણીકાર હસમુખ પટેલે પોતાના અને પોતાના પરિવારના દરેક સભ્યોનાં જન્મ દિવસે વૃક્ષારોપણ કરી જન્મ દિવસ ઉજવવાની પરંપરા જાળવી રાખી છે. તેમના ૪૦ વર્ષ



પૂર્ણ થતાં એક વર્ષમાં ૪૦૦૦ વૃક્ષો વાવીને ઉછેરવાના સંકલ્પ સાથે આજે વૃક્ષારોપણ કરી જન્મ દિવસ ઉજવ્યો હતો. તેમણે નિત્યમ વિદ્યા સંકુલનાં વિશાળ પરિસરમાં એક જ વર્ષમાં ૪૦૦૦ વૃક્ષોનું વાવેતર અને જતન સંવર્ધન કરી સમગ્ર કેમ્પસને હરિયાળા વાતાવરણમાં રૂપાંતરિત કરવાનાં ભગીરથ કાર્ય માટે કમર કસી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦ ડિગ્રી તાપમાન વધ્યુ છે આ સ્થિતિ ખૂબ જ ભયાનક છે. ડેવલપમેન્ટ માટે આડેધડ કપાતા વૃક્ષો પર અંકુશ એ સમયની માંગ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)






વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## ડોક્ટર સેલની બેઠક અને સમસ્ત વેપારી મહાજનનો સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો

# ભરત સુતરીયાના સમર્થનમાં જિલ્લાભરમાં સ્નેહમિલન

અમરેલી,તા.૪







અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણીનો પ્રચાર છેલ્લાં પડાવમાં ચાલી રહ્યો છે. ઉમેદવાર હવે આજ સાંજથી ખાનગી મીટીંગો શરૂ કરશે. લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પક્ષના અમરેલી બેઠકના ઉમેદવાર ભરતભાઈ સુતરિયાના સમર્થનમાં જિલ્લાના ડૉ.સેલ દ્વારા ડૉક્ટર એસોસિયેશન, આયુષ ડૉક્ટર, મેડિકલ એસોસિયેશન, એમ.આર. એસોસિયેશન, એજન્સી ઓનર, લેબ. ટેક, નર્સિંગ સ્ટાફ સહિત પેરા મેડિકલ ફિલ્ડમાં કાર્યરત લોકોની મીટીંગ રાધિકા ગાર્ડન રેસ્ટોરન્ટ અમરેલી ખાતે મળી હતી. આ બેઠકમાં અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ અધ્યક્ષસ્થાનેથી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહેલી વણથંભી વિકાસની વણઝારની વાતો વર્ણવી હતી, સરળ સ્વભાવના ખેડૂત ઉમેદવાર ભરતભાઈ સુતરિયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આરોગ્ય ક્ષેત્રે જન સુવિધા માટે આયુષ્યમાન કાર્ડ યોજના જન સામાન્ય માટે આશીર્વાદ રૂપ છે તેમ જણાવી કમળને મત આપવા અપીલ કરી હતી, અત્રે પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરિયા, સુરતના યુવા અગ્રણી અલ્પેશ કથિરિયા, ધાર્મિક માલવિયા, જીલ્લાના નામાંકિત તબીબો ડૉ. એસ.આર. દવે, ડૉ. ડી.એમ. ઉનડકટ, ડૉ. આર. ડી. ઘોડાસરા, ડૉ. અશોક પરમાર, ડૉ. હર્ષદ રાઠોડ, ડૉ. નરેન્દ્ર સોજીત્રા, ડૉ. ભાવેશ રામાનુજ, ડૉ. કલ્પેશ ટાંક, ડૉ. વિવેક જોષી, ડૉ. પંકજ ચાવડા, ડૉ. સોલંકી, ડૉ. સાપરિયા, ડૉ. પાડા, પૂર્વ નગર સેવક ડૉ. ચંદ્રેશ ખુંટ, ડૉ. નીલેશ ભીંગરાડિયા, ડૉ. એચ. એસ. પરમાર, ડૉ. કોટડિયા, ડૉ. દિનેશ બોરડ, સહિત પેરા મેડિકલ, હેલ્પર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રધાનમંત્રી મોદીના હાથ મજબૂત કરવા અને ત્રીજીવાર પ્રધાનમંત્રી બને તે માટે હનુમાનપરામાં આવેલી કડવા પટેલ સમાજની વાડી ખાતે સાંજના સમયે વેપારી મહાજનો માટે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વેપારીઓ ભાજપ તરફી મતદાન કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. લોકસભાની ચૂંટણીના મતદાન પહેલા વાંશિયાળી ગામે રાત્રી સભા, ગોખરવાળા ખાતે માતાજીનો દિવ્ય માંડવો, ગારીયાધાર ખાતે ભવ્ય બાઈક રેલી કાઢી ભાજપ ઉમેદવાર ભરત સુતરીયાના સમર્થનમાં આયોજન કરવામાં આવ્યું હતું. વાંશિયાળી ગામે રાત્રી સભામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિત ગામના સરપંચ સહિતના ભાજપના કાર્યકર્તાઓ અને ગામના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. જનકભાઈ તળાવીયા દ્વારા પોતાના વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો જેમાં પ્રધાનમંત્રીના ગેરંટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે બાબરા તાલુકા ભાજપના હોદેદારો અને કાર્યકર્તાઓ, શહેર ભાજપના હોદેદારો અને કાર્યકર્તાઓ, જિલ્લા પંચાયતના સભ્યો તેમજ હોદેદારો, સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. લાઠી શહેરમાં લોકસભાની ચૂંટણીના ભવ્ય વિજય માટે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકો ગરબાના તાલે ઝુમી ઉઠયા હતા. ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં લાઠી પંથક કેસરીયા માહોલમાં રંગાયુ હતુ. લાઠી તાલુકા ભાજપના હોદેદારો અને કાર્યકર્તાઓ, શહેર ભાજપના હોદેદારો અને કાર્યકર્તાઓ, જિલ્લા પંચાયતના સભ્યો તેમજ હોદેદારો, મહિલા મોરચાના સદસ્યો, સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અમરેલી શહેરમાં ટૂંકા ગાળામાં સમસ્ત લેઉવા પટેલ સમાજ,સમસ્ત બ્રહ્મ સમાજ, સમસ્ત પ્રજાપતિ સમાજ, વિશ્વકર્મા સમાજ, કુંભાર સમાજ, સુથાર સમાજ, વાળંદ સમાજ, મહારાષ્ટ્રીયન સમાજ, કોળી સમાજ સહિત તમામ સમાજો દ્વારા આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપ તરફી મતદાન કરવા સ્નેહ મિલન સમારોહ યોજાયા હતા. જેમાં હજારોની સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહી ભાજપ ઉમેદવાર ભરત સુતરીયાને જાહેર સમર્થન આપ્યુ હતુ.

# મતદાન જાગૃતિ અર્થે અમરેલીમાં 'રન ફોર વોટ' યોજાઈ

અમરેલી,તા.૪

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે અમરેલી જિલ્લામાં વધુ મતદાન થાય તે હેતુથી વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કાર્યરત છે. અમરેલીમાં જિલ્લા કક્ષા તથા તાલુકા મથકોએ, તાલુકા કક્ષા 'રન ફોર વોટ' નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સૌએ અવશ્ય મતદાન કરવાના શપથ લીધા હતા. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયાએ જણાવ્યુ કે, આગામી તા.૦૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ અમરેલી જિલ્લાના મતદારો વધુમાં વધુ સંખ્યામાં મતદાન માટે આગળ આવે તેવા હેતુથી મતદાન જાગૃત્તિ પ્રસરાવવા આ



કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી સ્થિત ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાનથી જિલ્લા કલેક્ટર અજય દહિયા તેમજ જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, નિવાસ અધિક કલેક્ટર ગોહિલએ જિલ્લાના અન્ય અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં લીલી ઝંડી બતાવી આ કાર્યક્રમે પ્રસ્થાન કરાવ્યું હતું. અમરેલી શહેરના સરદાર સર્કલ, નાગનાથ મંદિર, રાજકમલ ચોક, ટાવર ચોક, હવેલી ચોક, લાઈબ્રેરી ચોક, નાગનાથ મંદિર સહિતના રાજમાર્ગોથી પર ફરી રન ફોર વોટ રેલી ફોરવર્ડ હાઈસ્કુલ ખાતે સંપન્ન થઈ હતી. આ રેલીના ઉદઘાટન પ્રસંગે અમરેલી, વડીયા અને કુંકાવાવ પ્રાંત અધિકારી નાકિયા, અમરેલી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટક, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, જિલ્લા શિક્ષણાધિકારી અને સ્વીપ નોડલ અધિકારી ગોહિલ, જિલ્લા ચૂંટણી તંત્ર, વહીવટી તંત્ર અને વિવિધ સરકારી કચેરીઓના અધિકારીઓ-કર્મચારીઓ, શિક્ષકો અને અમરેલીના નગરજનોએ રન ફોર વોટ કાર્યક્રમમાં જોડાઈ નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ પૂરો પાડ્યો હતો.

# અમરેલી જિલ્લામાં સૂર્યનારાયણ આકરા બન્યા


અમરેલી,તા.૪


અમરેલી જિલ્લામાં છેલ્લાં ત્રણ દિવસથી તાપમાનો પારો સડસડાટ ઉપર ચડતો જાય છે. ભારે ગરમીને કારણે જિલ્લાવાસીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ વધારે ગરમી પડવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. ભારે ગરમીને કારણે શહેરના રસ્તાઓ બપોરના સમયે સુમસામ બની ગયા છે.


II બજરંગ સ્ટીલ II
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





## નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા, બગસરા, જિ.અમરેલી

નં.એમએજી/વશી/રજી નં.૩૬/૨૪ તા.૨૨/૦૪/૨૦૨૪

**અરજદાર:-** શ્રી પઠાણ ગફારખા મહમદખા
રહે.બગસરા, તા.બગસરા,જિ.અમરેલી
- //વિરૂધ્ધ//-

**સામાવાળા:-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
જન્મ મરણ શાખા, નગરપાલિકા બગસરા, તા.બગસરા, જિ.અમરેલી

### -// નોટીસ //-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રહીશ શ્રી પઠાણ ગફારખા મહમદખાના પિતા શ્રી મહમદખા અલીખા પઠાણનું મરણ તા.૨૧/૦૪/૧૯૬૧ના બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૫/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. તેમજ અરજી સાથે જે સાક્ષીના સોગંદનામા રજુ કરવામાં આવે છે, તેમને મુદત રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

કોર્ટનો સિક્કો

**સહી**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

## નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા, બગસરા, જિ.અમરેલી

નં.એમએજી/વશી/રજી નં.૩૭/૨૪ તા.૨૨/૦૪/૨૦૨૪

**અરજદાર:-** શ્રી જેન્તીભાઈ કેશુભાઈ પંચાસરા
રહે.બગસરા, તા.બગસરા,જિ.અમરેલી
- //વિરૂધ્ધ//-

**સામાવાળા:-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
જન્મ મરણ શાખા, નગરપાલિકા બગસરા, તા.બગસરા, જિ.અમરેલી

### -// નોટીસ //-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રહીશ શ્રી જેન્તીભાઈ કેશુભાઈ પંચાસરાના માતા શ્રી શાંતાબેન કેશુભાઈ પંચાસરાનું મરણ તા.૦૪/૦૬/૨૦૨૪ના બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અંત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૫/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. તેમજ અરજી સાથે જે સાક્ષીના સોગંદનામા રજુ કરવામાં આવે છે, તેમને મુદત રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

કોર્ટનો સિક્કો

**સહી**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**બગસરા**


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com





દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝીકૂલર બનાવનાર....
SINCE 1990




: ઓર્થો.ડીલર:
Haier | VOLTAS | Rockwell | HI-FROST | BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....
દુ. ૬/૭- ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# અમરેલીમાં મુકુલ વાસનિકની જંગી જાહેર સભા યોજાઈ

## સાવરકુંડલા ખાતે જેનીબેન ઠુમ્મરે ડોર ટુ ડોર પ્રચાર કર્યો

અમરેલી,તા.૪

સમગ્ર દેશમાં હાલ લોકસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે અને ગુજરાતમાં હવે મતદાનને આડે ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસનાં ઉમેદવાર જેનીબેન ઠુંમ્મર દ્વારા વડિયામાં પોતાના કાર્યાલય સામે ચૂંટણી પ્રચાર માટેની સભા યોજવામાં આવી હતી. આ સભામાં જેનીબેન ઠુમ્મરનાં આગમન સમયે દીકરીઓએ ઢોલ સાથે સામૈયા કરી અને કુમકુમ તિલક કરી અને વડીલ મહિલાઓએ ગળે મળી સ્વાગત કર્યું હતુ. ત્યાર બાદ વડિયા સ્થિત કાર્યાલય સામે ચૂંટણી સભા યોજાઈ હતી. આ સભામાં જેનીબેન ઠુંમ્મરે કુંકાવાવ તાલુકાની દીકરીને મજબૂત બનાવવા નારી સશક્તિકરણની વાતો કરતી સરકાર સામે અમરેલીની શિક્ષિત દીકરીને મત આપી વિજયી બનાવવા અપીલ કરી હતી. આ સાથે સરકાર સામે શિક્ષણ, મોંઘવારી, બેરોજગારી અને અમરેલીને પછાત રાખવા બાબતે અનેક પ્રહારો કર્યા હતા. લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસ બાકી છે જેથી આજે અમરેલી સહિત રાજયમાં સાંજથી જાહેરસભાઓ, પ્રચાર પડઘમ શાંત થઈ જાશે ત્યારે કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે સાવરકુંડલા ખાતે ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતુ કે ભુરખીયા, તુલસીશ્યામ, ધારી સહિતના પ્રવાસન સ્થળોએ ફોરલેન રોડ સહિત રેડીયોના શોખીનો માટે વિવિધ ભારતી રેડીયો ચેનલ ફરી શરૂ કરવી અમારી પ્રાથમિકતા રહેશે. સમગ્ર સભામાં મહિલાઓ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનાં હોદ્દેદારો, આગેવાનો, કાર્યકર્તાઓ અને લોકો હાજર રહ્યાં હતાં.








### અમરેલીમાં મુકુલ વાસનિકે કેન્દ્ર સરકાર પર કર્યા પ્રહારો

અમરેલી ખાતે કોંગ્રેસના જનરલ સેક્રેટરી મુકુલ વાસનિક દ્વારા રાજકમલ ચોકમાં જાહેર સભા યોજવામાં આવી હતી. જેમાં મુકુલ વાસનિકે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરી જણાવ્યું હતું કે, ગેસના બાટલા, પેટ્રોલ સહિતની મોંઘવારીએ સામાન્ય વર્ગની કમર તોડી નાખી છે. ભાજપ માત્ર રામ મંદિરના નામ પર વોટ માંગવા નીકળી છે પરંતુ જયારે અમરેલી જિલ્લામાં આવ્યો ત્યારે જોયું જિલ્લામાં કોઈ વિકાસ થયો નથી. કોંગ્રેસે શિક્ષિત મહિલા ઉમેદવારને ટિકિટ આપી છે ત્યારે જિલ્લાના વિકાસ માટે જેની ઠુમ્મરને વિજયી બનાવવા અનુરોધ કર્યો હતો.

# અમરેલી યુવક કોંગ્રેસ પ્રમુખ મૌનીલ ગોંડલીયાએ પંજાને છોડ્યો

**ભાજપમાં જોડાવાની અટકળો તેજ**

અમરેલી, તા.૪

અમરેલી સહિત ગુજરાતમાં લોકસભા ચૂંટણીના મતદાનને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. આ દરમિયાન અમરેલીમાં કોંગ્રેસને વધુ એક ફટકો લાગ્યો છે. અમરેલી યુવક કોંગ્રેસ પ્રમુખ મૌનીલ ગોંડલીયાએ રાજીનામું આપ્યું છે. રાષ્ટ્રીય યુવક કોંગ્રેસ પ્રમુખ શ્રીનિવાસ બીવીને પત્ર લખી તેમણે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિધાનસભા યુવક કોંગ્રેસ પ્રમુથ તરીકે તથા કોંગ્રેસ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપતા હોવાનું જણાવ્યું હતું.

# શ્રીમતી એસ.એચ.ગજેરા સ્કૂલના સ્ટુડન્ટ્સને કરાટે બેલ્ટ ગ્રેડેશન એકઝામમાં ઝળહળતી સફળતા

અમરેલી, તા.૪

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા અમરેલી ખાતે કરાટે બેલ્ટ ગ્રેડેશન એકઝામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના ૨૦ બાળકોએ કરાટેની અલગ અલગ બેલ્ટની એકઝામ પાસ કરી ગ્રીન, બ્લુ, ઓરેન્જ, વ્હાઈટ, યલો બેલ્ટ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યુ હતું. રામાણી ભક્તિ, દવે મૈત્રી, બસન રિદ્ધિ , ગઢિયા વૃષ્ટિ, હીંગુ પ્રાચી, બસન જયમિનસિંહ, માંડલિયા ઉચિત, દોશી સુજલ, પરમાર દેવરાજ, વાટલિયા જલધી, સોલંકી કાવ્યા, દવે કૃપા, હીરપરા માનશુ, જેઠવા ધર્મ, જેઠવા વંશ, હીંગુ સાચી, રામાણી યાજ્ઞા, ગંગાજળીયા આર્વી, પાડા યુવરાજે બેલ્ટ મેળવ્યા હતા.



# અમરેલીમાં હોમ લોનના હપ્તા ભરવાના ટેન્શનમાં મહિલાએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૪

અમરેલીમાં એક મહિલાએ હોમ લોનના હપ્તા ભરવાના ટેન્શનમાં ઝેરી દવા પીધી હતી. મેનેકાબેન જીગ્નેશભાઈ સોલંકી (ઉ.વ.૨૯)એ જાહેર કર્યા મુજબ, તેમણે આજથી એકાદ વર્ષ પહેલાં નવુ મકાન લીધેલ હતું જેના બે હપ્તા ભરવાના બાકી હતા અને હપ્તા માટે પૈસા ન હતા જેથી આ હપ્તા કોણ ભરશે તે ટેન્શનમાં જ ઘરમાં ઉંદર મારવાનો ઝેરી પાવડર પીધો હતો.

ખાંભામાં રહેતા જયદીપભાઈ જીલુભાઈ મકવાણા (ઉ..૨૩)એ જાહેર કર્યા મુજબ, તેમને પતિ પત્ની વચ્ચે ઘરકંકાસ થતા પત્ની બાળકો સાથે પિયર જતી રહી હતી. જેથી મનમાં લાગી આવતા પોતાની મેળે ઝેરી દવા પી જતા સારવારમાં દાખલ કર્યા હતા.

# જસવંતગઢ (ચિત્તલ) ગામે ૨૦થી વધુ આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

અમરેલી,તા.૪

અમરેલીના જસવંતગઢ(ચિત્તલ) મુકામે કોંગ્રેસની વિચારધારાથી પ્રેરિત થઈ મુકેશભાઈ પરમાર અને એમની સમગ્ર ટીમ નરેશભાઈ પરમાર, રાજુભાઈ પરમાર, નીતિનભાઈ પરમાર, મહેશભાઈ પરમાર, કિરણભાઈ સોલંકી, નીતેશભાઈ સોલંકી, હસમુખભાઈ પરમાર, ચિરાગભાઈ પરમાર, અરવિંદભાઈ સોલંકી,મનસુખભાઈ સોલંકી, વિશાલભાઈ સોલંકી, નિલેશભાઈ સોલંકી, ઉમેશભાઈ ખુમાણ, જવાભાઈ પરમાર સહિત અંદાજિત ૨૦થી વધુ આગેવાનો કોંગ્રેસમાં સામેલ થયા છે જેઓને અમરેલી તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ વિપુલભાઈ પોંકીયા સહિતના કોંગી આગેવાનોએ આવકાર્યા હતા.



# સા.કુંડલામાં ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં સભા

સાવરકુંડલા, તા.૪

દેવળા ગેઈટ સાવરકુંડલા ખાતે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં ભવ્ય સભાનું આયોજન થયુ હતું, જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ 'અબકી બાર ચારસો પાર' ના નારા સાથે પોતાના વક્તવ્યમાં દેશ માટે, પ્રજા હિત માટે મોટા નિર્ણય લેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પ્રચંડ જન સમર્થન આપો તેવી અપીલ કરી હતી. આ સભામાં જિલ્લા ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, જિલ્લા અ.જા.પ્રમુખ કેશુભાઈ વાઘેલા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ, નગરપાલિકા હોદ્દેદારો, ચેરમેનો, સદસ્યો, શહેર સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા.




# કોટડાપીઠા ગામે પનવચક્કીમાંથી એમસીબી, કોપર વાયરની ચોરી

બાબરા, તા.૪

બાબરાના કોટડાપીઠા ગામે પવનચક્કીમાંથી એમસીબી અને કોપર વાયરની ચોરી મળી કુલ રૂ.૪૫ હજારની ચોરી થઈ હતી. આ અંગે સત્યજીતભાઈ મહેન્દ્રભાઈ વાળા (ઉ.વ.૩૩) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ચોર ઈસમ કોટડાપીઠા ગામે હડીયાધાર વિસ્તારમાં આવેલી પવનચક્કી લોકેશન નં.૧૪માંથી નાની મોટી એમ.સી.બી. નંગ-૫૦, ABB કંપનીના કોન્ટેક્ટર નંગ-૦૫ જેની અંદાજીત કિં.રૂ.૨૫,૦૦૦ તથા કોપર વાયર આશરે-૧૫૦ મીટર જેની અંદાજીત કિં.રૂ.૧૦,૦૦૦ મળી કુલ કિં.રૂ.૪૫,૦૦૦ મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.પી.ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૭૦૩ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૭૫ |
| બાજરી | ૩૮૦ | ૪૭૦ |
| તુવેર | ૧૮૮૫ | ૨૩૧૧ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| અડદ | ૧૬૮૦ | ૧૯૬૬ |
| મગ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૨૦૨૫ |
| ચોળી | ૨૨૦૦ | ૨૩૫૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૩૮૦ | ૧૭૮૦ |
| સીંગદાણા | ૧૫૯૦ | ૧૬૭૫ |
| મગફળી જાડી | ૧૧૪૦ | ૧૩૩૦ |
| મગફળી જીણી | ૧૧૩૦ | ૧૨૭૫ |
| તલી | ૨૩૦૦ | ૨૬૧૨ |
| સુરજમુખી | ૫૭૫ | ૭૨૫ |
| એરંડા | ૯૮૦ | ૧૦૯૪ |
| અજમો | ૧૮૦૦ | ૨૮૦૦ |
| સુવા | ૧૨૫૦ | ૧૬૪૦ |
| સોયાબીન | ૮૪૦ | ૮૮૯ |
| સીંગફાડા | ૧૧૨૦ | ૧૫૭૨ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૨૦૦ |
| લસણ | ૧૫૦૦ | ૩૩૩૩ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૯૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૩૦૦ | ૧૭૭૪ |
| વરીયાળી | ૯૦૦ | ૧૭૧૧ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૯૦૦ |

| | | |
|---|---|---|
| રાય | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૬૦ |
| ઇસબગુલ | ૧૯૫૦ | ૨૫૦૦ |
| અશેરીયો | ૧૫૭૫ | ૨૧૨૫ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૮૭૫ |
| રાયડો | ૮૮૦ | ૯૮૦ |
| રજકાનું બી | ૨૮૦૦ | ૩૬૦૦ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૧૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૧૦૦ | ૨૮૦૦ |
| સાકરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૨૩૦ | ૪૨૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૨૮૦ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૩૪૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૫૦ |
| ગુવાર | ૪૮૦ | ૮૨૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૯૫૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૫૦ |
| સરગવો | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૫૦ |
| પરવળ | ૬૦૦ | ૯૫૦ |
| કાકડી | ૨૦૦ | ૩૮૦ |
| ગાજર | ૧૫૦ | ૨૪૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |

| | | |
|---|---|---|
| ગલકા | ૧૮૦ | ૩૪૦ |
| બીટ | ૧૬૦ | ૨૫૦ |
| મેથી | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૮૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૩૬૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૨૪૦૦ | ૩૨૫૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૩૪૦ |
| ગુંદા | ૫૦૦ | ૮૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૦૦ | ૫૦૦ |
| રીંગણાં | ૪૧૦ | ૫૧૦ |
| ફુલાવર | ૨૫૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૭૦ | ૨૨૦ |
| શક્કરિયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૨૫૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દૂધી | ૧૫૦ | ૨૧૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૧૦ | ૩૧૦ |
| ગુવાર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ચોળાશીંગ | ૮૨૦ | ૯૨૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| પાકી કેરી | ૧૨૧૦ | ૨૦૧૦ |
| ભીંડો | ૪૧૦ | ૫૧૦ |
| આદુ | ૨૨૧૦ | ૨૪૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૪૧૦ | ૮૧૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| લસણ સૂકું | ૨૬૦૦ | ૨૮૦૦ |
| લીંબુ | ૨૧૦૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૮૦ | ૧૫૦૪ |
| શિંગ મઠડી | ૯૭૦ | ૧૨૩૬ |
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૨૬૭ |
| શિંગ ફાડા | ૧૪૯૫ | ૧૬૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૯૪ |
| તલ કાળા | ૨૭૮૦ | ૨૧૫૦ |
| બાજરો | ૩૨૫ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૭૯૫ |
| ઘઉં ટુકડા | ૪૪૮ | ૬૩૮ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૦ |
| મગ | ૧૮૨૫ | ૧૮૭૫ |
| ચણા | ૯૯૫ | ૧૨૨૧ |
| તુવેર | ૧૧૩૦ | ૧૮૦૦ |
| એરંડા | ૯૮૨ | ૧૦૬૦ |
| જીરું | ૩૦૦૦ | ૪૯૦૦ |
| રાયડો | ૯૫૦ | ૯૭૨ |
| ધાણા | ૧૦૧૫ | ૧૪૯૦ |
| ધાણી | ૧૦૯૦ | ૧૬૫૫ |
| મેથી | ૯૦૦ | ૧૦૫૧ |
| સોયાબીન | ૮૪૪ | ૮૪૬ |
| મરચા લાંબા | ૬૬૦ | ૨૬૦૦ |
| **બાબરા** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૫ | ૧૫૦૫ |
| મગફળી | ૧૧૩૪ | ૧૧૫૬ |
| ઘઉં | ૪૮૫ | ૫૩૫ |
| ચણા | ૧૧૪૩ | ૧૨૨૭ |
| જીરૂ | ૩૯૧૦ | ૪૯૫૦ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૮૨ | ૫૧૭ |
| ચણા | ૧૦૭૫ | ૧૧૮૧ |
| સફેદ તલ | ૨૩૧૦ | ૨૫૫૧ |
| તુવેર | ૧૭૮૯ | ૧૭૮૯ |
| ધાણા | ૧૧૬૦ | ૧૪૧૫ |
| એરડા | ૯૦૦ | ૧૦૬૦ |
| સોયાબીન | ૮૨૦ | ૮૨૧ |
| **રાજુલા** | | |
| મગફળી | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ | ૨૪૦૦ | ૨૬૫૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| બાજરો | ૪૧૨ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૫૩ |
| જુવાર | ૪૦૦ | ૮૩૧ |
| મગ | ૧૭૬૦ | ૧૭૬૦ |
| તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૮૮ |
| રાય | ૮૨૫ | ૮૨૫ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૯૧ |
| તલ | ૨૫૦૦ | ૨૭૬૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૯૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૧૪ |
| બાજરો | ૪૦૦ | ૬૭૦ |
| જુવાર | ૪૦૦ | ૬૭૦ |
| મગ | ૧૬૦૦ | ૧૯૦૭ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૫૦ | ૧૨૨૫ |
| દેશી ચણા | ૧૨૭૧ | --- |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૧૫૧ | ૧૨૫૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૩૫૦ | ૨૧૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૯૫ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| તલ | ૨૦૦૦ | ૨૪૫૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૧૦ |
| ધાણા | ૭૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૪૭૬ | ૫૭૧ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૯૧ |
| મગફળી જીણી | ૯૭૫ | ૧૩૨૬ |
| સિંગ ફાડીયા | ૯૬૧ | ૧૬૫૧ |
| એરંડા / એરંડી | ૮૦૦ | ૧૧૦૬ |
| તલ કાળા | ૨૪૦૧ | ૨૯૨૬ |
| જીરૂ | ૩૫૭૬ | ૪૮૬૧ |
| ક્લોંજી | ૨૫૦૧ | ૩૮૨૧ |
| વરીયાળી | ૮૦૧ | ૧૩૭૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૩૨૧૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૯૬ |
| અડદ | ૯૦૧ | ૧૮૩૧ |
| મઠ | ૧૦૮૧ | ૧૦૮૧ |
| તુવેર | ૧૦૦૧ | ૨૨૯૧ |
| રાજગરો | ૧૧૦૧ | ૧૧૦૧ |
| રાયડો | ૮૫૧ | ૯૪૧ |

| | | |
|---|---|---|
| રાય | ૧૧૪૧ | ૧૧૭૧ |
| મેથી | ૬૨૧ | ૧૨૫૧ |
| સુવાદાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| સુરજમુખી | ૫૯૧ | ૫૯૧ |
| મગફળી જાડી | ૯૦૧ | ૧૩૫૧ |
| સફેદ ચણા | ૧૨૨૧ | ૨૦૫૧ |
| મગફળી નવી | ૧૪૦૬ | ૧૪૦૬ |
| તલ – તલી | ૧૯૦૦ | ૨૫૫૧ |
| ઇસબગુલ | ૨૩૩૧ | ૨૩૩૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૬૬ |
| બાજરો | ૧૫૧ | ૩૮૧ |
| જુવાર | ૬૪૧ | ૬૪૧ |
| મકાઇ | ૩૮૧ | ૫૦૧ |
| મગ | ૧૩૦૧ | ૧૮૮૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૧ |
| વાલ | ૫૦૧ | ૨૦૨૧ |
| ચોળા / ચોળી | ૮૨૧ | ૨૧૭૬ |
| સોયાબીન | ૮૨૧ | ૮૮૬ |
| અરીઠા | ૮૦૧ | ૮૧૧ |
| ગોગળી | ૬૦૦ | ૧૧૦૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૮૫૪ | ૧૦૬૨ |
| જુવાર | ૩૫૮ | ૮૮૩ |
| બાજરી | ૩૫૩ | ૬૭૩ |
| ઘઉં ટુકડા | ૩૩૫ | ૬૭૩ |
| મકાઈ | ૩૬૯ | ૩૬૯ |
| અડદ | ૧૫૫૨ | ૧૯૦૦ |
| મગ | ૧૫૯૩ | ૧૭૪૦ |
| અજમા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૬૭૫ | ૮૫૪ |
| ચણા દેશી | ૧૧૪૬ | ૧૩૨૯ |
| ચણા | ૯૪૦ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૨૪૦૧ | ૨૬૫૫ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૨૬૧૨ | ૩૧૧૫ |
| તુવેર | ૧૫૬૦ | ૧૮૪૮ |
| ડુંગળી લાલ | ૧૦૭ | ૩૩૨ |
| ડુંગળી સફેદ | ૨૨૬ | ૨૯૧ |
| કપાસ શંકર | ૭૭૨ | ૧૪૧૧ |
| નાળીયેર | ૫૫૬ | ૧૯૪૮ |
| **મહુવા** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૮૦ | ૧૩૫૦ |
| મગફળી ૩૨ | ૧૧૫૦ | ૧૨૬૫ |
| બાજરો | ૪૫૦ | ૫૧૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૪૧ |
| રાઈ | ૧૧૦૦ | ૧૧૭૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૦૦ |
| જુવાર | ૪૫૫ | ૭૨૪ |
| અડદ | ૧૭૦૦ | ૧૯૪૮ |
| મગ | ૧૬૦૦ | ૧૯૫૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૭૭ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૧૩ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૧૮૨ |
| સોયાબીન | ૮૨૫ | ૮૯૪ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૨૮ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૬૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ચણા છોલે | ૧૪૪૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૩,૦૦૦ | ૩,૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૪ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૦૪ |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૫૧ |
| મેથી | ૮૯૧ | ૯૬૩ |
| લસણ | ૧૪૦૦ | ૧૭૧૦ |
| વાલ | ૫૯૦ | ૫૯૦ |

# વૉશિંગ મશીન : ભાજપ બ્રાન્ડ અને ઇન્ડિ ગઠબંધન બ્રાન્ડ



ભાજપ અને ઈન્ડિ ગઠબંધન વચ્ચે ખરાખરીની લડાઈ ચાલી રહી છે. ડીપ ફેક ટૅક્નૉલૉજી પણ હવે મેદાનમાં આવી છે. ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે મુસ્લિમોને મઝહબના આધાર પર જે અનામત અપાઈ હતી તે દૂર કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગને અનામતનો અધિકાર પાછો આપીશું તેને તોડીમરોડી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને મળતી અનામત દૂર કરીશું તેવો વીડિયો ફરતો કરાયો. તેમાં તેલંગાણાના મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડીને દિલ્લી બોલાવાયા છે. કૉંગ્રેસ અને આઆપના નેતાઓ આ અપરાધમાં સંલિપ્ત હોવાના અહેવાલો છે.

આ સાથે આરએસએસના વડા મોહન ભાગવત તેમજ સહ સર કાર્યવાહ મનમોહન વૈદ્યે પણ અનામત દૂર કરવાની વાત કરી હોવાના ખોટા અહેવાલો વહેતા કરાયા હતા. એટલે ચૂંટણીમાં બધા દાવો અજમાવાઈ રહ્યા છે.

પરંતુ એક મોટો દાવ જે મીડિયાનો એક વર્ગ ઊભો કરે છે તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. આ વર્ગ દર વખતે એવું ચિત્ર ઊભું કરે છે જેના કારણે એવું લાગે કે આમ જ થશે. દા. ત. અમેઠી-રાયબરેલીમાંથી રાહુલ ગાંધી ચૂંટણી લડશે. હવે જો તે ન લડે તો ભાજપને કહેવાની તક મળે કે ડરીને ભાગી ગયા. આ જ રીતે ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી હોય કે વર્તમાન લોકસભાની ચૂંટણી, પહેલો તબક્કો પતે એટલે ઓછું મતદાન થયું તેમ સમાચાર આવે, પછી વિશ્લેષણાત્મક સમાચાર આવે, પછી કૉલમિસ્ટોના લેખો આવે, ઈલેક્ટ્રૉનિક મીડિયામાં ડીબેટ થાય. તેમાં પાછી એવી વાત વહેતી કરવામાં આવે કે ઓછું મતદાન ભાજપને નુકસાન કરાવે છે. આવાં સમીકરણો ક્યાંથી બંધ બેસાડી દેવામાં આવે છે તે સમજાતું નથી.

અને પાછું આ વિશ્લેષણ માત્ર ભાજપ શાસિત રાજ્યો પૂરતું જ હોય. પ્રજ્ઞાઅંધો એ ન જુએ કે તમિલનાડુ, કેરળ વગેરે વિપક્ષી રાજ્યોમાં પણ પ્રમાણમાં ઓછું મતદાન થયું છે.

આ વખતે ભાજપ સામે સૌથી મોટા મુદ્દા પૈકીનો એક હોય તો તે છે ભાજપનું વૉશિંગ મશીન. ઈન્દોરમાં વડા પ્રધાન મોદીએ મહારાષ્ટ્રના (તે વખતે) પૂર્વ મુખ્ય પ્રધાન અજિત પવાર સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો અને તેના થોડા જ દિવસોમાં અજિત પવારે કાકાની 'ઘડિયાળ' છોડી ભાજપ સાથે ચાલવામાં 'સમય' હોવાનું સ્વીકારી લીધું. અલબત્ત, અજિત પવાર શરદ પવાર સાથે હતા ત્યારે પણ (અને જ્યારે ભાજપનું ગજું નહોતું) તેમના કાકા સાથે તેમના અણબનાવોના સમાચારો તો આવતા જ હતા કારણકે શરદરાવ તેમનાં પુત્રી સુપ્રિયા શૂળેને આગળ કરતા રહ્યા હતા. એ જ રીતે રાજ ઠાકરે પણ કાકા બાળ ઠાકરેના પુત્ર ઉદ્ધવ પ્રત્યેના અંધ મોહના કારણે જ દુઃખી થઈ અલગ થઈ ગયા હતા, તે વર્ષ હતું ૨૦૦૬. જો એ ન થયું હોત તો આજે શિવસેનાની જે દશા છે તે હોત?

મમતા બેનર્જી અને તેમના રાજકીય વારસદાર મનાતા ભત્રીજા અભિષેક બેનર્જી વચ્ચેની ખટપટ પણ ચાલી રહી છે. અભિષેક બેનર્જીના જમણા હાથ મનાતા કુણાલ ઘોષને મમતાએ તૃણમૂલમાંથી હાંકી કાઢ્યા છે. તમિલનાડુમાં દ્રમુક પક્ષમાં સત્તાની લડાઈમાં ભાઈ અલાગીરીને એમ. કે. સ્ટાલિને પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. કૉંગ્રેસમાં પણ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા વચ્ચે સત્તાની ખેંચતાણની ચર્ચા છે જ. અમેઠીમાં હજુ કંઈ નક્કી નથી અને વાયનાડમાં રાહુલ ગાંધીને હરાવવા ઈન્ડિ ગઠબંધનના જ સીપીઆઈએ મજબૂત મહિલા અભ્યર્થી એન્ની રાજાને ઉતાર્યા તેથી અમેઠીની બેઠક પર રાહુલ ગાંધી ઝંપલાવે તેવી શક્યતા હતી ત્યાં અમેઠીમાં રાહુલ ગાંધીના બનેવી રૉબર્ટ વાડ્રા ચૂંટણી લડે તેવાં પૉસ્ટર લાગી ગયાં. કોઈ એમ કહી શકે કે આ તો ભાજપે કરાવ્યું હશે, પરંતુ રૉબર્ટ વાડ્રાએ પોતે ચૂંટણી લડવાની ઈચ્છા દર્શાવી.

આ બધામાં એક ચર્ચા ઈન્ડિ ગઠબંધનના વૉશિંગ મશીનની પણ થવી જોઈએ જે કોઈ કરતું નથી.

જે ઈન્દિરાજીએ પિતા અને વડા પ્રધાન નહેરુને કહીને કેરળની પ્રથમ સામ્યવાદી પક્ષની સરકાર (ઈ. એમ. એસ. નાંબુદિરીપાદ)ને ઉથલાવી રાષ્ટ્રપતિ શાસન લાદી લીધું હતું તે સામ્યવાદી પક્ષોએ કટોકટીમાં ઈન્દિરા ગાંધીને સમર્થન આપ્યું હતું! બધા જાણે છે તેમ સામ્યવાદી પક્ષો ભાજપ પર અભિવ્યક્તિની સ્વતંત્રતા, પ્રેસ ફ્રીડમ વગેરેનું ગળું ઘોંટવાના આક્ષેપો ૧૯૯૮માં પહેલી ભાજપની મોરચા સરકાર બની ત્યારથી કરે છે, પરંતુ કટોકટીમાં તો સમાચારપત્રોમાં એક લીટી પણ સરકારને પૂછ્યા વગર છાપી શકાતી નહોતી અને તોય સામ્યવાદી પક્ષોના વૉશિંગ મશીનમાં ધોવાઈને ઈન્દિરા ગાંધી અને કૉંગ્રેસ સ્વચ્છ બની ગયાં હતાં! આ સામ્યવાદી પક્ષો ૧૯૫૨ની ચૂંટણીમાં કૉંગ્રેસને જમીનદારોનો પક્ષ ગણાવતા થાકતા નહોતા! પરંતુ ૧૯૭૫માં કૉંગ્રેસ તેમના વૉશિંગ મશીનમાં ધોવાઈને ગરીબોનો પક્ષ બની ગઈ હતી!

૧૯૮૨ની પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં સામ્યવાદી પક્ષો ઈન્દિરા ગાંધીને ઑથરિટેરિયન એટલે કે સત્તાવાદી (તેઓ આજે નરેન્દ્ર મોદીને પણ આ જ ઉપમા આપે છે) ગણાવતા હતા તે સામ્યવાદી પક્ષો માટે તે પછી કૉંગ્રેસ ભાજપ જેવા કોમવાદી પક્ષને હરાવવા માટે સ્વચ્છ બની ગઈ હતી. કૉંગ્રેસના ભાગલા થયા ત્યારે સામ્યવાદી પક્ષો ઈન્દિરા ગાંધીની કૉંગ્રેસની પડખે ચડી ગયા હતા અને આર્થિક નીતિથી માંડીને શિક્ષણ નીતિ, વિદેશ નીતિ વગેરે પર આધિપત્ય જમાવી લીધું હતું.

**વિચાર વલોણું**

**જયવંત પંડ્યા**

૧૯૮૨ની પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીએ ડાબેરી પક્ષોને ઉત્તર આપતા કહ્યું હતું કે માર્ક્સવાદ અને લોકતંત્ર બંને સાથે-સાથે ચાલી ન શકે. કયા સામ્યવાદી દેશમાં એક કરતાં વધુ પક્ષોની પ્રણાલિ છે? (એટલે કે સામ્યવાદી પક્ષ સિવાયના પક્ષને સત્તા મળી શકે છે?) પરંતુ એ જ સામ્યવાદી પક્ષો સાથે કૉંગ્રેસ ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૧૪ અને અત્યારે ૨૦૨૪ની ચૂંટણીમાં ગઠબંધન કર્યું!

જે કૉંગ્રેસ શંકરસિંહ વાઘેલાને કોમવાદી ગણાવતી હતી તે કૉંગ્રેસ સાથે શંકરસિંહે ગઠબંધન કરી સરકાર બનાવી અને તે પછી કૉંગ્રેસમાં ભળી ગયા એટલે શંકરસિંહ બિનસાંપ્રદાયિક થઈ ગયા! પરંતુ જેવા શંકરસિંહે ૨૦૧૭માં પ્રશ્નો ઉઠાવી ત્યાગપત્ર આપ્યો એટલે એ ભાજપના એજન્ટ થઈ ગયા!

૧૯૯૬માં કૉંગ્રેસ જનતા દળ (એસ), રામવિલાસ પાસવાનના લોજપ, સીપીઆઈ, સીપીએમની સામે લડેલી, પરંતુ અટલબિહારી વાજપેયીને હટાવવા રાતોરાત કૉંગ્રેસે આ પક્ષો સાથે ગઠબંધન કરેલું અને તેમાં સૌથી ઓછી (૪૬) બેઠકો સાથે દેવેગોવડા વડા પ્રધાન બની ગયા હતા.

૧૯૯૯માં સોનિયા ગાંધીના વિદેશી કુળના મુદ્દે શરદ પવાર, તારીક અનવર અને પી. એ. સંગમાને કૉંગ્રેસમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. શરદરાવ, તારીક અને સંગ્માએ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ રચ્યો. માત્ર ચાર જ મહિનામાં કૉંગ્રેસના વૉશિંગ મશીનમાં શરદરાવનો આ પક્ષ ચોખ્ખો થઈ ગયો કારણકે મહારાષ્ટ્રમાં બંનેએ ભેગા મળીને સરકાર રચવાની હતી. આજે તારીક અનવર તો એનસીપીમાં પણ નથી, તેઓ કૉંગ્રેસમાં પાછા આવી ગયા છે.

કૉંગ્રેસ જેમની કોમવાદી હોવાની ટીકા કરતાં થાકતી નહોતી તેવા બાળ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે ૨૦૨૦માં કૉંગ્રેસના વૉશિંગ મશીનમાં બિનસાંપ્રદાયિક બની ગયા! કારણ હતું સત્તામાં ભાગબટાઈ!

જે કૉંગ્રેસે ઈન્દ્રકુમાર (આઈ. કે.) ગુજરાલની સરકારને ટેકો પાછો ખેંચવા કારણ આપ્યું હતું કે દ્રમુક (ડીએમકે)નું રાજીવ ગાંધીના હત્યારા સંગઠન એલ. ટી. ટી. ઈ. સાથે જોડાણ છે, તે જ દ્રમુક ૨૦૦૪માં યુપીએમાં કૉંગ્રેસનો સહયોગી પક્ષ બની ગયો અને કૉંગ્રેસના વૉશિંગ મશીનમાં તેની સામેના એલટીટીઈ જેવા ત્રાસવાદી સંગઠનના આરોપો ધોવાઈ ગયા! તે પછી તો સોનિયા-રાહુલ-પ્રિયંકા ગાંધી વાડ્રાએ તો રાજીવ ગાંધીના હત્યારાઓને પણ ક્ષમા આપી દીધી! આ રાજકારણ છે!

જે. જયલલિતાએ ૧૯૯૮ની લોકસભાની ચૂંટણી પહેલાં કહેલું કે જો સોનિયા ગાંધી દેશનાં વડા પ્રધાન બનશે તો તે રાષ્ટ્રીય દુઃખદ ઘટના હશે. તેની વિરુદ્ધ કૉંગ્રેસે પણ જે. જયલલિતા પર આક્ષેપો કરવામાં કંઈ બાકી નહોતું રાખ્યું. પરંતુ તમિલનાડુની દ્રમુક સરકારને બરખાસ્ત કરી રાષ્ટ્રપતિ શાસન લાદવાની જયલલિતાની માગણીને અટલજીએ ન માની તેથી દુઃખી થઈ જયલલિતાએ સુબ્રમણિયમ સ્વામીની ઉશ્કેરણીથી સોનિયા ગાંધી સાથે 'ચાય પે ચર્ચા' કરી. તેમણે ટેકો પાછો ખેંચ્યો. અટલજી સામે અવિશ્વાસનો પ્રસ્તાવ આવ્યો. અટલજી એક મતથી હારી ગયા. કૉંગ્રેસ અને જયલલિતા બંને એકબીજાનાં વૉશિંગ મશીનમાં ધોવાઈને સ્વચ્છ થઈ ગયાં હતાં!

૨૦૧૧માં અન્ના હઝારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન પછી કૉંગ્રેસને કેજરીવાલ આંખમાં કણાની જેમ ખૂંચતા હતા. કેજરીવાલે જ્યારથી આમ આદમી પક્ષ સ્થાપવાની જાહેરાત કરી ત્યારથી એક અગ્રણી દૈનિકમાં તો આઆપને લગતા કોઈ સમાચાર છાપવાની તેના સ્વામીની મનાઈ હતી. પરંતુ ૨૦૧૩ની દિલ્હી વિધાનસભા ચૂંટણી પછી કૉંગ્રેસે સામે ચાલીને બિનશરતી ટેકો આઆપને આપી આઆપની પહેલી સરકાર બનાવડાવી. તે પછી કેજરીવાલની તોપનું નાળચું કૉંગ્રેસના બદલે ભાજપ, વિશેષતઃ નરેન્દ્ર મોદી સામે તકાઈ ગયું હતું એટલે ઉક્ત દૈનિકમાં આઆપના સમાચાર ગાઈવગાડીને લેવાનું શરૂ થઈ ગયું હતું.

જે કેજરીવાલ સામે કૉંગ્રેસ ખાલિસ્તાનીઓ પાસેથી ફંડ લેવાનો, ભારત વિરોધી ફોર્ડ ફાઉન્ડેશન પાસેથી દાન લેવાનો આક્ષેપ કરતી હતી, ભાજપની 'બી' ટીમ હોવાનો આક્ષેપ કરતી હતી, દારૂ કૌભાંડ, જળ બૉર્ડ કૌભાંડ, નિઃશુલ્ક વીજળી કૌભાંડના આક્ષેપો કેજરીવાલ સરકાર પર કરતી હતી તે કેજરીવાલ કૉંગ્રેસના વૉશિંગ મશીનમાં ધોવાઈને સ્વચ્છ થઈ ગયા. જે કેજરીવાલ કૉંગ્રેસના નેતાઓ – રાહુલ ગાંધી, વડા પ્રધાન મનમોહનસિંહ, પી. ચિદમ્બરમ્, સુશીલકુમાર શિંદે, કપિલ સિબલ, સલમાન ખુર્શીદ, કમલનાથ પર ભ્રષ્ટાચાર હોવાના આક્ષેપો કરી રોજ પત્રકાર પરિષદ કરતા હતા, લાલુપ્રસાદ યાદવ, શરદ પવાર પર ભ્રષ્ટાચારના આક્ષેપો કરતા હતા તે કેજરીવાલના વૉશિંગ મશીનમાં ધોવાઈને રાહુલ ગાંધી, લાલુ, શરદ પવાર સ્વચ્છ થઈ ગયા અને ૨૦૧૫માં જ બિહારમાં આઆપનું કોઈ ઠેકાણું ન હોવા છતાં સ્ટેજ પર જઈ લાલુપ્રસાદ યાદવ અને રાહુલ ગાંધીને ગળે મળીને સ્વચ્છતાનું પ્રમાણપત્ર હાથોહાથ આપી દીધું હતું.

પરંતુ ૨૦૨૨ની ગુજરાતની વિધાનસભા ચૂંટણીમાં પાછો કૉંગ્રેસ અને આઆપ પર મેલ ચડી ગયો હતો એટલે બંને એકબીજા પર ભાજપની 'બી' ટીમ હોવાના આક્ષેપો કરતા હતા. હવે આ બંને બી ટીમોએ એકબીજાને સ્વચ્છતાનું પ્રમાણપત્ર આપી દીધું છે. પોતાના પક્ષના નેતાઓ પી. ચિદમ્બરમ્ જેલમાં ગયા કે ઝારખંડમાં જેની સાથે યુતિ સરકાર છે તેવા હેમંત સોરેન જેલમાં ગયા ત્યારે રેલી-આંદોલન ન કરનાર કૉંગ્રેસે કેજરીવાલ જેલમાં ગયા તે પછી બે-બે સંમેલનો કરી કેજરીવાલને જેલમાંથી છોડવા અપીલ કરી.

ભાજપ વિરોધી ઈકૉ સિસ્ટમ માટે ૨૦૧૪ સુધી જે અર્બન નક્સલો હતા અને જેને યુપીએ સરકાર જેલમાં પૂરતી હતી તે ભાજપનું શાસન આવતા ભીમ-કોરેગાંવ અને અન્ય કેસોમાં જેલમાં ગયા ત્યારે એ જ અર્બન નક્સલો કૉંગ્રેસના વૉશિંગ મશીનમાં ધોવાઈને માનવ અધિકારવાદી બની ગયા!

ઈન્દિરાજી તેમના વિરોધીઓને આઈએસઆઈ અથવા અમેરિકાની જાસૂસી સંસ્થા સીઆઈએના એજન્ટ કહેતા હતા, પણ કોઈને કેજીબી (સોવિયેત સંઘ/રશિયાની જાસૂસી સંસ્થા) નહોતા કહેતા. આજે તેમના પૌત્ર રાહુલ ગાંધી અમેરિકા-યુરોપમાં જઈને ભારતમાં લોકતંત્ર સ્થાપવામાં તેમની મદદ કરવા ટહેલ નાખે છે. અર્થાત્ કૉંગ્રેસના વૉશિંગ મશીનમાં હવે અમેરિકા પણ પવિત્ર છે.

અહીં ભાજપનો કોઈ બચાવ નથી. પરંતુ પહેલાં 'સગવડિયું ગઠબંધન' શબ્દ પ્રયોગ થતો હતો, આજે 'વૉશિંગ મશીન' તરીકે ઉલ્લેખાય છે. પરિભાષા બદલાય છે, બાકી કેન્દ્રમાં રહે છે સત્તા જ. હા, અગત્યનું એ બની રહે છે કે સત્તામાં આવ્યા પછી દેશ આગળ વધે તેવી નીતિ કોણ અપનાવે છે, દેશની મૂળ સંસ્કૃતિ તરફ કોણ લઈ જાય છે, ભારતના શત્રુ દેશો ભીખ માગતા થઈ જાય તેવી સ્થિતિ કોણ નિપજાવે છે અને કોણ દેશ વિરોધીઓ પ્રસન્ન થાય તેવી નીતિ અપનાવે છે, કોણ એન્કાઉન્ટરમાં ત્રાસવાદીઓ મરે ત્યારે આંસુ સારે છે. બાકી બધું ગૌણ બની રહે છે.

jaywant.pandya@gmail.com

# મારા એક મતથી શું ફરક પડે ? – મારા એક મતથી મને ફરક પડે...

દેશની જનતા નવી લોકસભા ચૂંટી કાઢવા માટે મતદાન કરી રહી છે. વધુમાં વધુ મતદાન થાય એ માટે તંત્ર અને રાજકીય તેમજ પ્રબુદ્ધ પ્રજાવર્ગ તરફથી મતદારને અપીલ થઈ




રહી છે. ચૂંટણીપંચ, સરકારના અન્ય વિભાગો, સામાજિક, રાજકીય, બિન-રાજકીય સંસ્થાઓ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવીને મતદારને આંગળીએ શાહીનું ટપકું મુકાવવા જગાડવામાં આવી રહ્યો છે. શા માટે વધુમાં વધુ મતદાન જરૂરી છે.? આવડા મોટા સમૂહમાં કોઈ એક નાગરિકનો મત શા માટે મહત્વનો છે.? જયારે મોટા સમૂહનો અભિપ્રાય એકઠો કરવામાં આવી રહ્યો હોય, ત્યારે વધુમાં વધુ વ્યાપમાંથી એ અભિપ્રાય આવે એ જરૂરી છે. જે તરફી હોય તે, સમર્થનમાં કે વિરુદ્ધમાં, બહોળો જનાદેશ જે તે તરફની વિશ્વસનીયતામાં તેટલો વધારો કરે છે. સંપૂર્ણ બહુમત લોકશાહી ઢબે ચૂંટાયેલ સરકાર માટે અને દેશ માટે ખુબ અગત્યનો શબ્દ છે. ખીચડી અને ટેકાવાળી સરકારોના શાસન અને વહીવટ દેશની જનતાએ જોયેલા છે. એક બીજા પક્ષના હિત સાચવવા અને સરકાર ટકાવી રાખવા જે સમાધાન અને બાંધછોડ થાય એ સરવાળે દેશહિતને નુકસાન થાય છે. આ સંજોગોમાં એવા લોકો પણ શાસનમાં આવી જાય છે, જેની લાયકાત વર્ગખંડના મોનીટર કરતા પણ ખુબ ઓછી હોય છે. તેઓ એક રાજકીય સમીકરણ આધારે અનાયાસે સત્તામાં આવી ચઢે છે.

આ એક જ પ્રસંગ કે ઘટના છે જેમાં છેક છેવાડાનો માણસ પણ સરકાર રચવામાં સહભાગીદાર બની શકે છે. સરકાર બની ગયા બાદ તેની ભૂમિકા એટલી સક્રિય હોતી નથી. મત આપતા સમયે મતદારનું માનસ જેટલું સાફ અને સ્થિર હોય, જનાદેશ તેટલો પાકટ મળવો સંભવ છે. આ એક જ ઘટના છે જેમાં દેશના તમામ નાગરિકને [illegible] જાતે, ઉચ-નીચ, અમીર ગરીબના ભેદભાવ વિના એક કતારમાં ઉભા રહીને સમાન અધિકારો મળે છે. દેશના અંતરિયાળ ખૂણે બેઠેલો કાફલાનો છેલ્લો આદમી આ પ્રવાસમાં એટલો જ અગત્યનો છે, જેટલો કાફલાને દોરી જનાર છે કે કાફલામાં સૌથી પ્રથમ ચાલી રહ્યો છે. દોરી જનાર એ છેલ્લા આદમી વિના આગળ જઈ શકતો નથી. ૧૯૫૧ની પ્રથમ લોકસભા ચૂંટણીમાં ભારતની કુલ વસ્તી ૩૬ કરોડ આસપાસ હતી. જેમાં ૧૦ કરોડ ૫૯ લાખ મતદારોએ મત આપ્યો હતો. જે ટકાવારી મુજબ લગભગ ૪૫% જેટલું મતદાન હતું. વર્ષ ૨૦૧૯માં ૬૧ કરોડ ૪૭ લાખ મતદારોએ મત આપ્યો હતો. જે ૬૭% જેટલું મતદાન હતું. પ્રથમ લોકસભા ચૂંટણીમાં ૧૮૭૪ ઉમેદવારો ઉભા હતા, જ્યારે ૨૦૧૯માં આ સંખ્યા ૮૦૫૪ સુધી પહોંચી છે. જે ભારતની લોકસભા ચૂંટણીના ઈતિહાસમાં સૌથી વધુ મતદાન ટકાવારી હતી અને ઉમેદવાર સંખ્યા હતી. પ્રજામાં શિક્ષણ અને જાગૃતિ અને સરકારની વિવિધ પાંખો દ્વારા અમલી પ્રયાસો દ્વારા આ પરિણામ સિદ્ધ થઈ શક્યું છે. બુથ કેપ્ચરીંગ અને બોગસ મતદાન જેવા શબ્દો હવે સંભાળવા મળતા નથી. વિશ્વનું સૌથી મોટું મતદાન મહદઅંશે પારદર્શક કરાવવામાં તંત્ર સફળ રહ્યું છે. દેશ અને ભારતીય ચૂંટણીપંચની એ સિદ્ધિ છે કે ચૂંટણીપંચ દુનિયાના આશરે ચાલીસ જેટલા દેશોમાં ચૂંટણી અંગેની તાલીમ આપે છે. એ બીજી વાત છે કે અહિયાં ઘરઆંગણે ઘણા અર્ધશિક્ષિત નેતાઓ અને તેના સોશ્યલ મીડિયા ફોલ્ડરિયાઓ પોતાનું અધકચરું જ્ઞાન પ્રગટ કરીને વાંધાઓ ઉઠાવતા રહે છે. આપણે તો કોઈ દિવસ મતદાન નથી કરતા... મારા એક મતથી શું ફરક પડી જવાનો છે ? એવું રુઆબભેર કહેવાવાળો નાગરિક આ દેશ માથે ભાર છે. એ પરિવારના એ સદસ્ય જેવો છે જે પરિવારની કોઈ જવાબદારીનું વહન કરતો નથી પણ રોજ શાકમાં તેને મીઠું ઓછું વધુ લાગે છે કે રોટલી બળી ગયાની ફરિયાદ હમેશા રહ્યા કરે છે. જે લોકશાહીના દ્રઢીકરણમાં હિસ્સો નથા લતો એણે એ પછી ચૂંટાયેલી સરકાર કે વિપક્ષ તરફ આંગળી ઉઠાવવાનો કોઈ અધિકાર નથી. આ લોકશાહીના રસ્તા પર પડેલા ખાડા છે જે લોકશાહીની પરિપક્વતા, સુદ્રઢતાની ગતિને ધીમી પાડતા રહે છે.

**રાજકીય રસધાર**

**પ્રવીણ માધાણી**

માણસ જેમ પોતાના અંગત ભવિષ્યનું આયોજન કરે છે અને તે પ્રમાણે પ્રયાસો આદરે છે તેમ દરેક નાગરિકે દેશના ભવિષ્ય માટે પોતાની મતિ મુજબ આયોજન કે અપેક્ષા સેવીને મત આપવો એ ફરજ પણ છે અને જવાબદારી પણ છે. સરવાળે તો જનતાની અપેક્ષાઓનું પ્રતિબિંબ જ સરકાર છે. સોસાયટીમાં ઉભરાતી ગટર એક પ્રશ્ન જરૂર છે, પણ તેની સામે રાષ્ટ્રવાદને પલડામાં મૂકીને વોટ કરવો ઘાતક માનસિકતા છે. ઉમેદવાર તમારી જ્ઞાતિ જાતિનો જરૂર છે પણ તેની સામે દેશહિતને તોળવું ટૂંકી દ્રષ્ટિ છે. જે સભાનતા આપણે આપણા અંગત ભવિષ્ય માટે રાખીએ છીએ એ સભાનતા દેશના ભવિષ્ય માટે દેખાતી નથી. રાજકીય પક્ષો ટૂંકા અને સંવેદનશીલ મુદ્દાઓ દ્વારા ઉશ્કેરાટ પેદા કરવામાં સફળ થઈ જાય છે અને મતદારની મત આપવાની દીર્ઘદ્રષ્ટિને ગોબો પડી જાય છે.

દેશનું ભવિષ્ય સો ટકા નેતાઓના હાથમાં નથી. મતદારની દેશ અંગેની દીર્ઘદ્રષ્ટિમાં દેશનું ભવિષ્ય પડેલું છે. જે નેતા કે પક્ષ પાસે દેશ માટે એકાદ વર્ષનું પણ પ્લાનિંગ નથી, એમને સવાલ પૂછવાનો સમય આવી ગયો છે કે બતાવો તમારો દેશના ભવિષ્ય માટેનો રોડમેપ. આપણે એક માટલું લેવા જઈએ તો પણ દશ નંગ ફેરવીને સાત વખત ટકોરા મારીને પસંદ કરીએ છીએ, અને છેલ્લે વેચનારને પૂછીએ તો ખરા જ કે પાણી ઠંડુ થશેને બરાબર ? બસ, એ જ તકેદારી પ્રતિનિધિ પસંદગીમાં રાખવાની જરૂર છે. નહીતર આખો ઉનાળો પાણી ગરમ પીવું પડશે.

ક્વિક નોટ – " જલ્દબાજીમાં બનાવેલી સરકાર માત્ર સ્થાપિત હિતો જ પેદા કરશે. આપણે સ્વાતંત્ર્ય માટે દોઢસો વર્ષ રાહ જોઈ છે. હવે માત્ર બીજા અઢાર માસ જ રાહ જોવાની છે. હું ફક્ત એટલી જ આશા રાખું છું કે સ્વાતંત્ર્ય આવે ત્યારે આપણામાં એ સ્વાતંત્ર્યને અનુરૂપ એકતા હોય..". – ડૉ. ભીમરાવ આંબેડકર

# જમાઇને સાસરીમાં કેમ માન આપવામાં આવે છે ?

(૧) ચોઘડિયા અને મુહૂર્ત જોઈ લગ્ન થાય છે છતાં છૂટાંછેડાના કિસ્સા કેમ બને છે?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
વકીલો પણ ચોઘડિયા અને મુહૂર્ત જોઈને જ વકીલાત શરૂ કરે છે!

(૨) પંખાને આપણે ઉંધો ફેરવીને ચાલુ કરીએ તો પણ એ સીધો જ કેમ ફરે છે?
નિદા નસીમ (ઉના)
પંખાને પણ ખબર હોય છે કે ઊંધા ચાલવામાં કોઈ ફાયદો નથી.

(૩) આ ગરમી કઈ સ્કૂલમાં ભણવા ગઈ હશે તો એની પાસે આટલી બધી ડિગ્રી છે?
ચાંદની એમ. ધાનાણી (અમદાવાદ)
સૂર્ય યુનિવર્સિટી.

**હાસ્યાય નમઃ**

**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૪) અમારા ગોરદાદા વિધિ કરવા આવે ત્યારે બહુ ગુસ્સો કરે છે તો શું કરવું?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
ગોરાણીમાના કાને વાત નાખો. બધું રેડી થઈ જશે.

(૫) લેખકની પહેલી વાર્તા એની આત્મકથા હોય છે એ વાત સાચી હશે?
રામભાઈ પટેલ (સુરત)
એટલે જ મે ડાયરેક્ટ બીજી વાર્તા જ લખી છે.

(૬) જમાઈને સાસરીમાં કેમ માન આપવામાં આવે છે ?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
આ બાજુ બે દિવસ માન આપે છે. બહુ રોકાય તો તબતબાવે છે.

(૭) "એક બિલાડી જાડી એણે પહેરી સાડી" કવિતા મને હજુ યાદ છે પણ લગ્ન પછી ઘરમાં હવે ગાઉં તો ડખ્ખા થાય છે.
કનુભાઈ પરમાર (દામનગર)
સાડીને બદલે લેગીઝ ટ્રાય કરો!

(૮) સિકંદર અને દુર્યોધનમાં તફાવત શું છે?
કનુ બાપુ (ભંડારિયા)
મને તો એ બેમાં કાંઈ સમાનતા પણ દેખાતી નથી.

(૯) ગોલ્ડનો ભાવ વધતા સ્ટાર ગોલ્ડનો ભાવ વધતો હશે ખરો?
આસિફ કાદરી (રાજુલા)
મારી અટક દવે છે સોની નહિ!

(૧૦) અમેરિકાના રાષ્ટ્રપતિ માતાજીનો માંડવો કરે તો ભૂવાને ડાકલા ક્યાંથી બોલાવે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
આજે પણ અમેરિકા ઈશારો કરે એટલે ઘણા દેશો ધુણવા માંડે છે!

(૧૧) આ ભરઉનાળામાં ફરવા જવાય કે નહિ?
મુસ્તુફા કનોજિયા (રાજુલા)
ઘરે મહેમાનો ભીંસ કરી ગયા લાગે છે!

(૧૨) મારો હાથ જોઈને તમે કહી શકો કે હું કેટલો આગળ વધી શકીશ?
દર્શન પટેલ (વડોદરા)
ના, પગ જોઈને કહી શકું!


(૧૩) નામ પાડવાનો અધિકાર ફઈને કોણે આપ્યો હશે?
કનુભાઈ જીવનભાઈ (અમદાવાદ)
તાજાતાજા ફુવા બન્યા લાગો છો.

(૧૪) ઢીંગલી તારા માંડવા રોપ્યા ઢોલ વાગે ઢમઢમ ઢીંગલીના લગ્નમાં ઢોલ હોય?
નીરવ ડણાક (અમરેલી)
હા હજી ડીજે બધે પહોંચ્યું નથી.

(૧૫) હિંમતવાન પુરુષ કોને કહેવાય?
રમાબેન પટેલ (અમદાવાદ)
જે પોતું કર્યું હોવા છતાં ઘરમાં આંટા મારી શકે એને.

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# અહંકારને શૂન્ય પર રાખવાની જાદુગરી....



ગાંધીજીએ આ દુનિયા સાથે કામ પડ્યું એના પહેલા બહુ શરૂઆતથી છાને ખૂણે પોતાના અહંકાર સાથે કામ પાડેલું છે. જિંદગીના મહત્ત્વનાં વર્ષો અને આપણી વિચારશીલતા આપણી જોખમી અહંકારાયણમાં પસાર થાય છે. ગાંધીજીમાં અભિમાન શોધવું એ ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું કામ છે. અહંકાર આપણી વ્યક્તિગત જિંદગીના સમયનો સૌથી મોટો હિસ્સો ગળી જાય છે. મનુષ્યને ખ્યાલ જ નથી આવતો કે તેના સમયનો જે ધોધમાર વેડફાટ થાય છે એના મૂળ કારણમાં એનો અહંકાર છે. ગાંધીજીએ એમની જિંદગીમાં કદી પણ દર્પણમાં પોતાના પ્રતિબિંબને જોવાની જિજ્ઞાસા રાખી હશે કે કેમ એ પ્રશ્ન થાય છે... અને એવો સમય એમની પાસે કઈ રીતે હોઈ શકે ?

જહાજમાં મુસાફરી કરતી વખતે તો લખવાનું કામ બહુ કપરું પડે, તો પણ ગાંધીજીએ હિન્દ સ્વરાજ પુસ્તક આખેઆખું પોતાના એક જ દરિયાઈ પ્રવાસમાં લખી નાખ્યું. આટલું બધું એક સાથે કેમ લખાય ? હાથ પણ થાકી જાય. ગાંધીજી તો જમણા હાથે થાકી જાય એટલે ડાબે હાથે લખવા લાગે. એમને ખબર છે કે કરોડો લોકો જે સુખની પ્રતીક્ષા કરી રહ્યા છે એ સ્વતંત્રતાનું માધુર્ય ગાંધીજી પોતે જેટલું વધુ કામ કરશે એટલું જલદી પ્રાપ્ત થશે. પોતાના જીવનકાળ દરમિયાન અંદાજે ઓછામાં ઓછા એક લાખ તો એમણે પત્ર લખ્યા છે. સ્વહસ્તાક્ષરમાં એક લાખ પત્ર કોઈ યુગપુરુષ જ લખી શકે. માત્ર આના પરથી અંદાજ લગાવી શકાય કે એમણે પોતાની જિંદગીની એક ક્ષણ પણ આયોજન વિના આડેધડ ઢોળાઈ જવા દીધી નહીં હોય. ગાંધીજી મોહનદાસ છે પરંતુ સ્વમોહન-દાસ નથી. એટલે કે તેઓ ક્યારેય પણ પોતાની પ્રતિભામાં ઉછળતા મોજાંઓમાં નિમગ્ન રહીને પરિતુષ્ટિ પામ્યા નથી. તેઓ પોતાના પર મુગ્ધ નથી પરંતુ પ્રજાની યાતનાઓ જોઈને ખિન્ન

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

છે. સ્વમોહથી મુક્તિ પછી પ્રજાની સેવા થાય, નહિતર પોતાના વિશે જ ગાજવીજ થયા કરે. સ્વસ્તુતિ, સ્વમહિમા અને મિથ્યાભિમાનના ગાનમાં જ સેવાભાવ તણાઈ જાય. ગાંધીજીના જમાનામાં સજ્જનો બહુમતીમાં હતા. એકથી એક ચડિયાતા ચરિત્રો હતા. દેશ માટે અધિકમાં અધિક ન્યોછાવરી સહુમાં હતી. કેટલાકમાં તો એ ભાવના એટલી તીવ્ર હતી કે એમની પાસે ગાંધીજી ઝાંખા પડે. તો પણ સહુને વટીને સહુને ઓળંગીને એક ગાંધીનો શબ્દ જ કેમ ભારત માટે સર્વસ્વીકૃત બન્યો ?

દેશના કે દુનિયાના છેલ્લામાં છેલ્લા માણસ પર નજર રાખતા ગાંધીજીએ રાજવ્યવસ્થાઓને શીખવ્યું. લોર્ડ માઉન્ટબેટન જેવા કેટલાય બ્રિટિશ રાજનીતિજ્ઞો અને પ્રશાસકો, ગાંધીજીને આત્મસાત કરી નવાઈ પામતા જ રહ્યા. ગાંધીના કોઈ પણ પ્રશ્નનો તેઓની પાસે જવાબ ન હતો. અને તત્કાલીન કોઈ પણ પ્રશ્નનો ગાંધી પાસે ઉકેલ હતો. એ જમાનામાં ગાંધીજી એક માત્ર એવા હતા કે તેમનું પ્રત્યેક વિધાન માનવ-મુંઝવણોના સમાધાનથી મુખરિત હતું. એમની તમામ વાતોમાં મઝા એ છે કે મનુષ્ય નામક પ્રાણીને વિચાર-વાણી-વર્તનમાં સૌથી વધુ પથ્ય શું છે અને એ સમષ્ટિને સુલભ કેમ જલ્દી થાય એની કીમિયાગીરીના ખજાનાઓ ગાંધી પાસે છે. હજારો વરસો પછી બધું ભૂલાઈ જશે તો પણ માણસજાતને ગાંધીએ જે રીતે ઓળખી બતાવી છે એ વીસરાશે નંઈ. માણસ હવે ન સમજાય એવો સંદિગ્ધ ને સંકુલ થવા લાગ્યો છે એટલે આગળ જતાં સ્વમાં ખોવાયેલા કોઈને પોતાને ઓળખવાની ગુરુચાવી પણ ગાંધી પાસેથી મળશે.

આવી ચાવીઓ મહર્ષિ અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ અને ગાંધી પાસે છે. આ ત્રણેય મહાપુરુષો પાસે માનવતત્ત્વની એના ફ્યુચરિસ્ટિક્સ્ સાથેની અદ્વિતીય સમજણ છે. જે આ જગતની સૌથી મહાન જ્ઞાન સંપદા છે. માણસજાતની એક સમસ્યા એ છે કે જેની એને જરૂર નથી એનું એને મન કોઈ મૂલ્ય નથી. સંસ્કૃત સુભાષિતકાર એટલે જ કહે છે કે યુવાની પસાર કરી ચૂકેલી ધર્મપત્નીને ચાહવી એ તો કોઈ વિદ્વાન પતિદેવનું સાહસ હોય છે. પત્નીના ચહેરા પર જેમ જેમ વયદર્શક રેખાઓ અંકાતી જાય એમ એમ સ્નેહના ઉરઝરણ પતિહૈયેથી અધિક વહેતા જાય તો એ પરમ મંગલ દામ્પત્ય છે.

જરૂર હોય તો મનુષ્ય સામાન્ય કમ્પાઉન્ડરને સિવિલ સર્જનનું બહુમાન આપે છે અને જરૂર ન હોય ત્યારે વિવેકાનંદ, ચૈતન્ય મહાપ્રભુ કે પાણ્ડુરંગ શાસ્ત્રીને પણ અભરાઈ પરથી નીચે ઉતરવા દેતા નથી. માતાપિતાની પણ આગળ જતાં સંતાનો આ જ હાલત કરે છે. હવે એ પંગતમાં ગાંધીજી પણ મૂકાઈ ગયા છે. ગાંધીજીએ સદાય પોતાના અહંકારને ઝિરો ડિગ્રી પર રાખ્યો. સો ડિગ્રી એટલે એક માત્ર પોતાના હિતનો જ વિચાર કરવો. જેમ જેમ ડિગ્રી ઓછી થતી જાય એમ બીજાઓના કલ્યાણ ઉમેરાતાં જાય. શૂન્ય સુધી અહંકાર આવે ત્યારે જીવમાત્રના કલ્યાણ સમાવિષ્ટ થાય છે. એ જ કારણ છે કે દુનિયાના કોઈ પણ દેશમાં ગાંધીજી આજે પ્રસ્તુત કે એપ્લિકેબલ છે. ગાંધી વિચારને કાળની થપાટો લાગે એમ નથી. ■

# માનવ મનને સમજવું ખૂબ જ અઘરૂં છે




“બેટા...., આપણે કયાં જ્યોતિને લખી દીધું છે કે આ રૂમ તારો. જો, આ બધું જ તારૂં છે. જ્યોતિને તો આપણે માનવતાની રૂએ એક રૂમ ફક્ત રહેવા માટે જ આપ્યો છે. વળી રૂમમાં છે તે પલંગ, તે કબાટ, ડ્રેસિંગ ટેબલ એ બધું જ બધું તારૂં જ છે. તું તારે નિરાંતે એ રૂમમાં બે - ત્રણ દિવસ રહે. ને આવી વાતમાં મને પૂછવાનું હોય ?” બા બોલ્યાં, બાના આવા શબ્દોથી દામાને અત્યારે ખૂબ ખૂબ શાંતિ થઈ હતી. તેનું મન મહેંકી ઊઠ્યું.



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

અર્ધો કલાક હિંડોળા પર બેસીને દામાએ સમય વિતાવ્યો પછી એ જ્યોતિના રૂમમાં ધીમેથી દાખલ થયો. અને બા પણ ડેલીને અંદરથી બંધ કરી દઈ તેના રૂમમાં જઈ માળા ફેરવવા માંડ્યા હતા.

દામલ જ્યોતિના રૂમમાં દાખલ થતાંની સાથે જ ખૂબ આનંદિત થયો. કોણ જાણે કેમ એ કમરામાં તેને જ્યોતિના શરીરની મીઠી મીઠી મહેક, સુગંધ આવી રહી હતી. આખાયે કમરામાં કોઈ વૈભવી પમરાટ પ્રસરી રહ્યો હોય તેમ તેણે અનુભવ્યું પછી પલંગ પર આડા પડી, આમ - તેમ પડખા પણ તેણે ફેરવી જોયા, પોચા પોચા તકિયાને બથમાં ભરી ખૂબ દબાવ્યા તેની સાથે મૂંગી મૂંગી વાતો પણ કરી લીધી.

અંતે થાકીને...પલંગ પરથી તે ઊભો થયો, કમરાના બારણાને અંદરથી બંધ કર્યું અને પછી તે બાથરૂમમાં ગયો. પેલો પારદર્શક કિંમતી ગાઉન જે પાઈપ પર લટકી રહ્યો હતો ત્યાં તે પહોંચ્યો અને નાક પાસે એ ગાઉન રાખી ખૂબ ઊંડેથી શ્વાસ તેણે લીધો ને જાણે તે સમાધિમાં સરી પડયો.

માનવ મનને સમજવું ખૂબ જ અઘરૂં છે. કહેવાય છે કે માનવમાત્ર પ્રેમમાં પ્રવેશે ત્યારે તેના મનોભાવ ખૂબ જ વિચિત્ર અને કઢંગા પણ હોઈ શકે. સમાજમાં સજ્જન તરીકે ને એકાંતમાં તેની અંદરૂની ચેષ્ટા નવાઈ પમાડે તેવી પણ હોય શકે છે. આવું બધું તેની તીવ્ર વેદના દ્વારા ઊભરી આવે. એ વ્યક્તિ જાણે કે કોઈ બીજી જ દુનિયામાં હોય તેમ અનુભવે પણ છે.

આવા જ કોઈ સિધ્ધાંત અનુસાર હવે દામાએ કોઈ નવીન ચેષ્ટા ચાલુ કરી. તેણે તેના અંગ પરના વસ્ત્રો એક પછી એક એમ કાઢવા શરૂ કર્યા. અવતરણ સમયે માનવ દેહની જે સ્થિતિ હોય તેવી સ્થિતિમાં દામો ટટ્ટાર ઊભો રહ્યો. પોતાના શરીરનાં વિકસેલા અંગ અંગ પર તેની નજર ફરતી રહી. નરી આંખે, સભાન અવસ્થામાં તેણે બધું જોયું પછી, મરક મરક તે હસ્યો ત્યાં તો તરત જ આવું થતાં તે શરમાઈ ગયો.

પરંતુ આજે તે તેના મનોપ્રદેશમાં ચાલતા વિચારોને રોકી ન શક્યો અને એવા જ કોઈ એક વિચારને તેણે અમલમાં મૂકવા પ્રયાસ કરવા માંડયો એટલે તો તેના હાથ ધીમે ધીમે આગળ વધ્યા. પેલા પારદર્શક એટલે કે આમ તો અર્ધપારદર્શક કિંમતી ગાઉનને તેણે તેના હાથમાં લીધો ફરી નાક પાસે રાખી એક ઊંડો શ્વાસ લીધો. પછી કશીય કોઈની પરવા કર્યા વગર એ ગાઉન તેણે તેના શરીર પર ધારણ કરી લીધો.

ફક્ત એક જ વાર દામલે જ્યોતિને આ ગાઉન પહેરેલી જોઈ હતી. ત્યારે તેને જ્યોતિ અસલ પરી જેવી લાગી હતી. સ્વર્ગની અપ્સરા જ જાણે. એવો એ ગાઉન જે જ્યોતિના શરીરને અડયો હોય, તેનાં ઉપસેલા અંગોને ચોંટયો હોય... એ ગાઉન અત્યારે પોતાના શરીરને ચડયો, ઉપસતા અંગોને ચોટી ગયો તે તેણે નજરે જોયું.... એ સાથે તો તેના દેહમાં કંઈ અજબ પ્રકારની ઝણઝણાટી થવા લાગી.

પોતાના આવા કસાયેલા પુરૂષ દેહ પર સ્ત્રીનો રાત્રિપોષાક એવો ગાઉન પોતે ધારણ કરેલો દામલ જોયો ત્યારની એની સ્થિતિ, એનો દેખાવ, એનો આંતરિક ભાવ કેવો હશે ?

ધાર્મિક ક્ષેત્રે દાસભાવમાં રંગાયેલા કોઈ સંત આવી ચેષ્ટા કરે તો સમાજ આખો તેને સ્વીકારી લે છે, કોઈ ગોપી બને તો પણ છૂટ... ધર્મમાં આવું ચાલે. એક સંત મહાત્માએ તો આજીવન સ્ત્રીનો પોષાક પહેરી જન્મ સફળ કરેલો. (ક્રમશઃ) ■

# પણ જેવી એ બન્નેની ચાર નજર ભેગી થઇ




પ્રોફેસર નિશાંતની નજરની પીંછી પ્રો. પ્રિયંકાના લૂંબઝૂંબ યૌવનની ભરચક ડાળીઓ ઉપર ફરી રહી હતી એ યુનિવર્સિટીના ભાષાભવનના પટ્ટાવાળા મગનથી છાની રહી ન હતી. મગન ભલે ‘વન’માં પ્રવેશી ચુક્યો હતો પણ વન વગડામાં ફરતા શક્કરબાજની અવળી સવળી ગૂલાંટથી પરિચિત હતો. એ પ્રો. નિશાંતની નજરના દોરેદોરે ચાલ્યો ત્યારે જ ખબર પડી ગઈ હતી કે આ દોરાનો છેડો છેક, સામે બેસીને એમ. એ.ના પેપર જોવા ગુજરાત યુનિવર્સિટીમાંથી આવેલી પ્રો. પ્રિયંકા પટેલના મદમસ્ત શરીર સુધી જતો હતો અને પ્રિયંકા હતી પણ એવી જ ને ?

છત્રીસ ચોવીસ છત્રીસના વાઈટલ સ્ટેટેસ્ટિકલ સરવાળાથી સંપન્ન શરીર, દાડમની કળી જેવા દાંત,ગીરની કેસર કેરી જેવો જોબનનો ઊભાર! દક્ષિણ ગુજરાતમાંથી આવેલા પ્રો. નિશાંતમાં તાપીના પાણી જાણે છલકાઈ પડયા હતા. કોણ જાણે કેમ ? પણ ‘સ્ત્રી’ તેની નબળાઈ હતી. એ તેની પત્ની નિલાંબરીને પણ ખબર હતી. એટલે જ જ્યારે કોલેજની પરીક્ષાઓ પુરી થતી અને નિશાંતને જુદી જુદી યુનિવર્સિટીઓમાં પેપર જોવા જવાનું થતું ત્યારે નિલાંબરી ચિંતિત થઈ ઉઠતી. એ પ્રો. નિશાંત સાથે નોકરી કરતી સ્ત્રી અધ્યાપિકાઓ સાથે સંપર્કમાં રહેતી અને અહીં બેઠા બેઠા નિશાંતની રોજનીશીનો હિસાબ રાખતી જોકે નિશાંતને નિલાંબરીની હરકતની ખબર પડી ગઈ હતી એટલે તે સાવચેત રહેતો હતો. એ જે કાંઈ પ્લાન બનાવતો એ પ્લાન આઉટડોર રહેતા. એની જરા સરખી ગંધ પોતાની સાથે આવેલા સ્ત્રી અધ્યાપિકાઓને આવી ન જાય તેની પૂરતી તકેદારી રાખતો પણ આ ફેરે પ્રો. પ્રિયંકાએ તેને રીતસર પછાડી દીધો હતો. તેના નેત્ર કટાક્ષ અને લટક મટકાએ નિશાંત પહેલા જ ગૂગલીમાં કિલન બોલ્ડ થઇ ગયો હતો.

સાંજે કામકાજ પૂરૂ કર્યા પછી સૌ છુટ્ટા પડયા. આમ તો યુનિવર્સિટીના જ ગેસ્ટ હાઉસમાં બધાને ઉતારો આપવામાં આવ્યો હતો એટલે પ્રિયંકાને એકાંતમાં રૂબરૂ મળવા જવુ જોખમી હતું. પણ શું કરવું ? તેના વિચારોમાં હતો કે, મગન આવીને તેની પાસે અટકયો. પ્રો. નિશાંત મગન સામે તાકી રહ્યો. મગને સ્મિત કરીને પૂછયું : “કાંઇ ઘટતુ કારવતું હોય તો કહેજો હો સાહેબ... તમે તો અમારા મહેમાન છો. જે પણ કામ હોય એ કહેવું. સંકોચ નહીં રાખવાનો. મારે અહીં ત્રીસ વરસ થયા આ ત્રીસ વરસમાં ઘણું ઘણું જાણવા મળ્યું. તમારી યુનિવર્સિટીમાંથી કેટલાય પ્રોફેસર સાહેબો આવ્યા, એ બધાનાં અંગતમાં અંગત કામ પણ કરી દીધા બોલો, એવું હોય તો બી ફ્રેન્કલી, કહેવું.”

નિશાંત મગન સામે તાકી રહ્યો. એ વિચારવા લાગ્યો કે, આને મારે શું કહેવું ? એમ કહેવું કે પેલી પ્રિયંકા મને ખૂબ ગમે છે તેની સાથે મારૂં સેટિંગ કરાવી દેને !’ આટલું વિચાર્યા પછી તે પોતાની જ મૂર્ખામી ઉપર હસી પડયો : મગન તો ઉમરલાયક છે. એ તો કામકાજનું કહે, પણ આવું કામ ચિંધુ તો આખી યુનિવર્સિટીમાં હોહા થઈ જાઉ અને મોટો ડખ્ખો થઈ જાય’ એમ વિચારી તે મૌન જ રહ્યો પણ મગને તેને કહ્યું કે સાહેબ, બે મિનિટ ઊભા રહેજો, હું દરવાજો બંધ કરીને આવુ જ છું !!”

બે મિનિટ પછી એ આવ્યો ત્યારે નિશાંત હજી અવઢવમાં જ હતો. મગને આસપાસ જોયું, નિશાંતની આંખોમાં તાકી રહ્યો પછી સાવ હળવે’કથી કહે : “સાહેબ, મને ખબર છે કે તમને પ્રિયંકા મેડમ ખૂબ ગમી ગયા છે પણ એ ચાલાક લોમડી છે એ હાથમાં નહીં આવે પણ તમારી શરીરની ભાષા હું સમજુ છું. આજકાલ કરતા પંદર પંદર દિવસ વીતી ગયા એય જાણુ છું વળી જુવાન આદમી છો અને જુવાન આદમીને ખોરાક જોઈએ એ પણ જાણું છું. પણ સાહેબ, પ્રિયંકા મેડમને ય આંટી મારે એવો માલ તમને લાવી દઉ તો તમારે શું આપવું ? સાહેબ, મગન બધું જ ભણીગણીને બેઠો છે. તમને આજે ઊંચાનીચા થતા જોઈને જ સમજી ગયો હતો પણ સાહેબ, મગન ઉપર વિશ્વાસ રાખો, એકવાર મારો માલ ચાખો પછી કહેશો કે આ સ્વાદ તો દાઢમાં રહી ગયો મગન !”

નિશાંત તો મગનને તાકી જ રહ્યો. સાલો, આતો જાદુગર

લઘુ-નવલકથા



યોગેશ પંડ્યા

લાગે છે મનની વાત કળી જનારો અન્તર્યામી છે. મગને હસીને કહ્યું ‘બોલો સાહેબ, ફાઈનલ કરવું છે ? હા, જો રહી ગયા તો તમને અફસોસ રહેશે.” “બજારૂ માલ મારી પસંદગી નથી.” નિશાંતે વાતને રદિયો આપ્યો કે મગને કહ્યું : “સાહેબ, સ્પેશિયલ આઈટમ છે. જ્યાં, ત્યાં ઓખર કરતું ઢોર નથી. ભાવતાલ ઊંચા છે પણ બહુ જ સ્પેશિયલ ઠેકાણે જ જાય છે સાહેબ, એકવાર હા પાડો પછી કહેજો.”

“નામ ઠામ ઠેકાણું ?”

“સાહેબ, મારૂં કવાર્ટર ખાલી છે. બધી જ વ્યવસ્થા છે. હું જ લઈ આવીશ મારી પાસે ફોરવ્હીલ છે. હું એકલો જ રહુ છું. બૈરી છોકરાવ ગામડે રહે છે. કોઈનેય ગંધ નહીં આવે.”

‘ઓ કે ડન.” નિશાંતે અંગૂઠો બતાવ્યો.

તે દિવસની સાંજે તે મગનના કવાર્ટર ઉપર ગયો ત્યારે છક થઈ ગયો. મગનનું ઘર નહોતું પણ વૈભવશાળી બંગલો હતો. મગને સોફ્ટડ્રિંક્સ પાયું. થોડીકવાર બેઠા પછી તે ફોરવ્હીલ લઈને નીકળ્યો કહયું કે તેને લાવતા ને આવતા દસ વાગી જશે. દસ વાગ્યા પછીની રાત તમારી !!”

એના ગયા પછી નિશાંત વિચારે ચડયો. પોતાની જિંદગી, યુવાની તરૂણાવસ્થા યાદ આવ્યા, પિતાજી ગ્રામસેવક હતા ગામડામાં રહેતા. એ આડોશ પાડોશમાં બેસવા જતો. એકવાર બારમા ધોરણમાં તે ભણતો હતો ને બાજુના ઘેર ગયો ત્યારે ઘરમાં નિવ્યા ભાભી સિવાય કોઈ નહોતું અને જોબનવંતા નિવ્યાભાભી બાથરૂમ ખુલ્લુ મૂકીને બેખબરપણે નહાઈ રહ્યા હતાં. એ જતા જઈ ચડયો અને તેની અને નિવ્યાભાભીની નજર ચાર થઈ. પછી તો શું ? પતિ સુખથી તડપતા નિવ્યાભાભીની મનોસ્થિતિની નિશાંતને કયાં ખબર હતી ? નિવ્યાભાભીએ જ તો તેને પુરૂષ બનાવ્યો. પછી તો વાઘ જાણે માનવભક્ષી બની ગયો... વાત ફેલાતા વાર શી ? ગામડું ગામ ત્રીજે ઘરે રહેતી કંચુભાભીનેય ખબર પડી નિશાંતનું મન ત્યાં પણ લપસી ગયું. એવામાં ધરતીકંપ આવ્યો, શેલ્ટર હોમમાં સૌને એક જ છત નીચે સાથે રહેવાનું બન્યું. એમાં ગામમાં નવા નવા આવેલા આયુર્વેદિક ડોકટરની છોકરી રૂપ રૂપની અંબાર અપ્સરા જેવી અનિતા સાથે દિલના તાર બંધાઈ ગયા. અનિતા પણ નિશાંતને ચાહવા લાગી. પણ એક દિવસ નિશાંતે અનિતા પાસે એવી માંગણી મૂકી કે અનિતાએ ના પાડતા કહ્યું : “એ બધું લગ્ન પછી કદાચ તું કહેતો હોય તો આપણે ભાગી જઈએ પણ લગ્ન પહેલા શરીર નહીં. મારા તનને પામતા પહેલા મારા મનને પામવું પડે. મારા સેંથામાં સિંદુર પૂરવું પડે પછી હું તૈયાર જ છું ! ” નિશાંતમાં એટલી બધી તો હિંમત કયાં હતી ? અંતે ધરતીકંપના છેલ્લા આંચકા પૂરા થયા અને તે બન્ને વચ્ચેનો પ્રેમનો તાજમહેલ તૂટી ગયો પછી તો નિશાંતના પપ્પાએ ગામડું છોડયું. શહેરમાં આવ્યા. ભણ્યો ગણ્યો પ્રોફેસર થયો અને હવે ચાલીસી વટુવટુ હતી પણ શરીરનાં ધખારા ઓછા થયા ન હતા. વાત સાંભળી હતી કે અનિતાએ મીઠી ફરિયાદ તેની બહેનપણીને કરી હતી અને બહેનપણીએ એકવાર તેને મળી ત્યારે તેની યાદ આપી હતી. પણ અફસોસ તો જરૂર રહ્યો હતો. કેમ કે અનિતા પૂનમનો ચાંદ હતી અને એ ચાંદનીમાં નહાવા એક સમયે નિશાંત બેકાબૂ અને બેતાબ હતો પણ....અચાનક વિચારધારા અટકી. મગનની ફોરવ્હીલ આંગણામાં આવીને ઊભી રહી ગઈ હતી. મગને આવતલ સ્ત્રીને અંદર જવાનો ઈશારો કર્યો અને પોતે બહાર જ ઊભો રહી ગયો. અંદર બેઠેલો નિશાંત કૂતૂહલથી બહાર આવ્યો કે સામે આવતી સ્ત્રીને જોઈને તેને આંખો ફાટી ગઈ. “આ મેડમ...” હજી નીચે નજર કરીને ચાલી આવતી સ્ત્રીની પાછળ પાછળ આવતા મગને સ્હેજ આગળ ડગલું ઉપાડીને નિશાંતે લગોલગ થઈ જતા કહ્યું અને સ્ત્રીને ઉદેશીને કહ્યું : ‘મેડમ આ છે નિશાંત સર... હવે તમે લોકો એન્જોય કરો. હું બાજુના ખાલી કવાટરમાં જતો રહુ છું.”

એમ કહીને ઝડપથી જતો રહ્યો. પણ જેવી એ બન્નેની ચાર નજર ભેગી થઈ કે નિશાંત બોલી ઉઠ્યો : “અનિતા, તું ?”

અનિતા પણ બોલી ઉઠી : “નિશાંત તું ? તમે ?”

“તું આ રોલમાં ?” નિશાંતનું મન જાણે ખાટું થઈ ગયું.

જવાબમાં અનિતા પણ કરૂણા ભર્યું હસી : “તું ય પણ એજ રોલમાં છોને ? નહિંતર તો લગ્ન તો તારાય થઈ જ ગયા છે ને ?”

“ઓહ નો... અનિતા... વોટ અ લાઈફ વોટ અ ટ્રેજડી વોટ અ જોક” બન્ને અંદર જઈને આમને સામને બેઠા. નિશાંતે તેની લાઈફનું ડીસ્ક્રીટેશન આપ્યું. અનિતાએ તેની લાઈફનું બયાન કરતા કહ્યું “સાથે ભણતા મોહિત સાથે લવ થઈ ગયો તારા પછીનો એ મારો બીજો ક્રશ. ઘરેથી તો તારા નામનું નાહી નાખ્યું હતું. જિંદગી સરસ હતી પણ...એક કાર એક્સિડન્ટમાં મોહિતને માથામાં મુઢમાર લાગ્યો અને તેની સાથે મારી જિંદગી પણ કોમામાં જાણે ચાલી ગઈ. નોકરીઓ તો બે ચાર જગ્યાએ કરી અને બદલાવી પણ પુરૂષની નજર તો ? આમ પણ મોહિતનું ધ્યાન તો ઘરે બેઠા રાખવું જ પડે એમ હતું પછી થયું કે શું કરૂં? અંતે આ બિઝનેસ..”

નિશાંતે માથુ પકડી લીધું. અનિતા પડખે આવી અને નિશાંતને સાહી લેતા બોલી : “યાર, એવું દુઃખ ન લગાડ બહું ઊંચી રકમ આપીને તે મને બોલાવી છે અને તું મારો કસ્ટમર છો મારી તો લાઈફ જેવી હોય એવી પણ તને બધી રીતે રાજી કરવાની અને સૂકૂન આપવાની મારી ફરજ છે. તે મને પહેલીવાર પૂછેલું ત્યારે ના પાડી હતી આજે ચિંતા નહીં કરતો બીજી વાર ના નહી પાડું.” જવાબમાં નિશાંતની આંખમાં ઝળઝળિયા આવી ગયા. તેણે અનિતાનું માથું ચુમી કહ્યું : પ્લીઝ તારો એકાઉન્ટ નંબર આપ અને દર મહિને કેટલા રૂપિયાની જરૂર છે એ કહેતી જા મારા તરફથી રકમ નહીં પણ એક સાચા પ્રેમની લાગણી દર મહિને તારા ખાતામાં ટ્રાન્સફર થતી રહેશે !!” ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

## અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા

# વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતનો દબદબો વધ્યો, ચીનનું વર્ચસ્વ ઘટી રહ્યું છે

(એ.આર.એલ), બીજીંગ,તા.૪

અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને વૈશ્વિક અર્થવ્યવસ્થામાં તેનું યોગદાન વધી રહ્યું છે. આઈએમએફ અનુસાર યુએસનો હિસ્સો ૨૬% સુધી પહોંચવાની સંભાવના છે, જે પાછલા બે દાયકામાં સૌથી વધુ છે. એક દાયકા પહેલાં અમેરિકાનું યોગદાન યુરોપિયન યુનિયન અને બ્રિટન કરતાં વધુ હતું, પરંતુ હવે અમેરિકાનું યોગદાન તેમના સંયુક્ત યોગદાન કરતાં વધુ થઈ ગયું છે.

આ દરમિયાન ચીનનો હિસ્સો ઘટી રહ્યો છે અને ૨૦૨૪માં ઘટીને ૧૭% થવાની સંભાવના છે. અમેરિકા અને ચીન વચ્ચેનું અંતર વધી રહ્યું છે અને તે અમેરિકાની ગતિશીલતા અને સ્થિરતાનો પુરાવો છે. લગભગ બે દાયકા સુધી ચીને વિશ્વની ફેક્ટરીની ભૂમિકા ભજવી હતી, પરંતુ આજે તે ઘણા આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે. ચીનના રિયલ એસ્ટેટ સેક્ટરનો લગભગ ત્રીજા ભાગનો હિસ્સો ગહન સંકટમાં છે અને તેના પતનથી ત્યાંના બેન્કીંગ સેક્ટરને પણ અસર થઈ રહી છે.



### ભારતનો હિસ્સો જાપાનની સાથે પહોંચવાની ધારણા

**૨૦૦૬માં પણ ચીનનો હિસ્સો પાંચ ટકા હતો, જે ૨૦૨૦માં વધીને લગભગ ૧૯% થયો હતો, પરંતુ ૨૦૨૧થી તે સતત ઘટાડાનો સામનો કરી રહ્યું છે અને આ વર્ષે તેનો હિસ્સો ૧૭% સુધી રહેવાનો અંદાજ છે. આ સમયગાળા દરમિયાન જાપાનનો હિસ્સો પણ ઘટીને લગભગ ૪% થવાની ધારણા છે. ૨૦૦૬માં જાપાનનો હિસ્સો લગભગ આઠ ટકા હતો. વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનો હિસ્સો સતત વધી રહ્યો છે અને આ વર્ષે તે જાપાનની બરાબર ચાર ટકા સુધી પહોંચવાની ધારણા છે. ભારત હાલમાં વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને ટૂંક સમયમાં જાપાનને પાછળ છોડી દેશે તેવી અપેક્ષા છે. હાલમાં ભારતમાં લગભગ તમામ ક્ષેત્રોમાં વૃદ્ધિ જોવા મળી રહી છે, પરંતુ કેટલાક ક્ષેત્રો એવા છે જે ટોપ પર્ફોર્મર્સની ભૂમિકા ભજવી રહ્યા છે.**

વિદેશી કંપનીઓ અને રોકાણકારો હવે ચીન તરફ પીઠ ફેરવી રહ્યા છે, જ્યારે ઘણી વિદેશી કંપનીઓ "ચાઈના પ્લસ વન"ની નીતિ અપનાવી રહી છે. ત્યાં બેરોજગારીની સમસ્યા ઝડપથી વધી રહી છે અને ચીન-અમેરિકા તણાવ પણ ઓછો થઈ રહ્યો નથી. ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે સંખ્યાબંધ મુદ્દાઓ પર તણાવ છે અને ચીની સરકારે રાષ્ટ્રીય સુરક્ષાના નામે કડક નિયમોને પ્રોત્સાહન આપ્યું છે.

# બૂથ મુજબના મતદાનનો ડેટા પણ ઉમેદવારો પાસે ઉપલબ્ધ : ચૂંટણીપંચ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૪

લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટે મતદાનના અંતિમ આંકડા જાહેર કરવામાં વિલંબને લઈને વિરોધ પક્ષોની ટીકાનો સામનો કરી રહેલા ચૂંટણી પંચે મોટું નિવેદન આપ્યું છે. ચૂંટણી પંચે આ મુદ્દે નિવેદન જારી કરીને કહ્યું છે કે તે મતદાનના આંકડા સમયસર જાહેર કરવાને યોગ્ય મહત્વ આપે છે. કમિશન દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે દરેક મતદાન મથક પર આવતા મતદારોની સંખ્યા ફોર્મ ૧૭સીમાં નોંધવામાં આવે છે. પારદર્શિતા માટે, પ્રિસાઈડિંગ ઓફિસર અને તમામ હાજર પોલિંગ એજન્ટો દ્વારા યોગ્ય રીતે સહી કરાયેલ ફોર્મ ૧૭સીની નકલો હાજર તમામ પોલિંગ એજન્ટો સાથે શેર કરવામાં આવે છે.

# ૧૬ મેથી તેલ અવીવની ફ્લાઈટ્સ ફરી શરૂ : એર ઈન્ડિયાની જાહેરાત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૪

એર ઈન્ડિયાએ કહ્યું કે તે ૧૬ મેથી દિલ્હી અને તેલ અવીવ વચ્ચે ફ્લાઈટ સેવાઓ ફરી શરૂ કરશે. મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે એરલાઈને ઈઝરાયેલ જતી અને આવતી ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી હતી.એરલાઈને 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તે ૧૬ મે, ૨૦૨૪ થી પાંચ સાપ્તાહિક ફ્લાઈટ્સ સાથે દિલ્હી અને તેલ અવીવ વચ્ચે સેવાઓ ફરી શરૂ કરશે. એર ઈન્ડિયાએ ૧૯ એપ્રિલે કહ્યું હતું કે તેલ અવીવની ફ્લાઈટ્સ ૩૦ એપ્રિલ સુધી સ્થગિત રહેશે. બાદમાં આ સસ્પેન્શન ૧૫ મે સુધી લંબાવવામાં આવ્યું હતું. અમે અમારા પેસેન્જરોને સહાય પૂરી પાડી રહ્યા છીએ જેમણે પહેલાથી જ તેલ અવીવ માટે અને ત્યાંથી ફ્લાઈટ્સ બુક કરાવી છે.

## અનેક રાજ્યોમાં ગરમીને કારણે શાળાઓ બંધ રાખવા આદેશ

# સમગ્ર દેશમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત્, ૭ મે સુધી અમુક ભાગોમાં હીટવેવની આગાહી


નવીદિલ્હી,તા.૪

સમગ્ર દેશમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત્ છે. કેટલાય રાજ્યોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. બિહારના પટણામાં ગરમીના લીધે પ્રી-સ્કૂલ, આંગણવાડી સ્કૂલો સવારના સાડા દસ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી બંધ રાખવા આદેશ આપવામાં આવ્યો છે. ભારતીય હવામાન વિભાગે ૭મી મે સુધી દેશના કેટલાક ભાગોમાં હીટવેવની સ્થિતિની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના પૂર્વી અને દક્ષિણ દ્વીપકલ્પના પ્રદેશોમાં ચાલી રહેલ હીટવેવનો સ્પેલ ૭મી મે સુધી ચાલુ રહેવાની અને પછી ઓછો થવાની ધારણા છે. ઉત્તર પૂર્વ ભારતમાં આગામી બે દિવસ, ૫ અને ૬ મે દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ માટે નારંગી ચેતવણી પણ જારી કરવામાં આવી છે. ભીષણ ગરમી અને લૂના લીધે કેટલાક રાજ્યોમાં સ્કૂલો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. છત્તીસગઢમાં ૧૫ જુન સુધી રજા જાહેર કરવામાં આવી છે.

# મસૂરી-દહેરાદૂન હાઈવે પર કાર ખાણમાં ખાબકતા ૬ લોકોના મોત

(એ.આર.એલ),દેહરાદૂન,તા.૪

શહેરમાં આજે સવારે એક દુઃખદ માર્ગ અકસ્માતમાં ૬ લોકોના મોતનો મામલો સામે આવ્યો છે. આ અકસ્માત શનિવારે સવારે દેહરાદૂન-મસૂરી રોડ પર થયો હતો. આ દુર્ઘટના મસૂરી-દેહરાદૂન રોડ પર ચુનાખલ પાસે ત્યારે થઈ જ્યારે એક કાર કાબૂ બહાર ગઈ અને ઊંડી ખાઈમાં પડી. જણાવવામાં આવી



રહ્યું છે કે કારમાં ૬ લોકો હતા, જેમાં તમામ ૬ લોકોના મોત થયા હતા. માર્યા ગયેલા લોકોમાં કારમાં મુસાફરી કરી રહેલા ચાર યુવક અને બે યુવતીનો સમાવેશ થાય છે. આ તમામ લોકો મુલાકાત માટે આવ્યા હતા. હાલ પોલીસ, ફાયર સર્વિસ અને એસડીઆરએફ બચાવ કાર્યમાં લાગ્યા હતાં. તમને જણાવી દઈએ કે આ તમામ ૬ લોકો રાજપુર રોડ પર સ્થિત એક કોલેજમાં અભ્યાસ કરતા હતા.

# અફઘાનિસ્તાનના કેદીએ તિહાર જેલમાં અન્ય કેદીની હત્યા કરી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૪

તિહાર જેલ સંકુલની સેન્ટ્રલ જેલ-૩માં એક કેદીની હત્યા કરવામાં આવી હતી. મૃતકનું નામ દીપક હોવાનું કહેવાય છે. તેમની ઉંમર ૨૯ વર્ષની હતી. તે જ સમયે, તેની હત્યા કરનાર કેદીનું નામ અબ્દુલ બશીર અખોંદઝાદા છે. તેની ઉંમર ૪૪ વર્ષ છે અને તે મૂળ અફઘાનિસ્તાનનો છે. બંને કેદીઓ વચ્ચે ભોજન બાબતે ઝઘડો થયો હતો. આ પછી અબ્દુલે તિક્ષ્ણ હથિયાર વડે દીપકની છાતી પર હુમલો કર્યો હતો. જેલ પ્રશાસન દીપકને હોસ્પિટલ લઈ ગયું , પરંતુ ત્યાં સુધીમાં તેનું મોત થઈ ગયું હતું. હરિનગર પોલીસ સ્ટેશનને દીન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાંથી દીપકના મૃત્યુની જાણ કરવામાં આવી હતી. દીપક સેન્ટ્રલ જેલ નંબર ત્રણમાં કેદ હતો. તે દિલ્હીના શકુરપુર વિસ્તારની શેરી નંબર ત્રણનો રહેવાસી હતો. હોસ્પિટલ અનુસાર, દીપકની છાતીમાં તીક્ષ્ણ હથિયાર વડે છરાના ઘા માર્યા હતા.

# પુરીના ઉમેદવારને ચૂંટણી ખર્ચ માટેની રકમ કોંગ્રેસે આપી ન હોવાથી ટિકિટ પરત કરી

(એ.આર.એલ),પુરી,તા.૪

ઓડિશાની પુરી લોકસભા સીટ પરથી કોંગ્રેસ ઉમેદવાર સુચારિતા મોહંતીએ પાર્ટીને ટિકિટ પાછી આપી છે. મોહંતીએ ટિકિટ પાછી આપવાની જાણકારી આપતાં કોંગ્રેસ સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલને પત્ર લખ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે ચૂંટણી લડવા માટે તેમની



પાર્ટી તરફથી મળનાર રકમ આપવામાં આવી નથી. જેના લીધે તે ચૂંટણી પ્રકાર કરી શકતી નથી. પુરી સીટ પર સુચિતા મોહંતીનો મુકાબલો ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રા સાથે હતો. પુરી લોકસભા સીટ પર વોટીંગ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં ૨૫મે ના રોજ થવાની છે. આ સીટ પર ઉમેદવારીને અંતિમ તારીખ ૬મે છે. ભાજપના અરૂપ પટનાયક અને ભાજપન સંબિત પાત્રાએ પહેલાં જ ઉમેદવારી પત્ર દાખલ કરી દીધું છે. જ્યારે સુરતમાં પાર્ટી ઉમેદવારનું ઉમેદવારી પત્ર રદ થતાં ભાજપના ઉમેદવાર નિર્વિરોધ જીત મળી, જ્યારે ઈન્દોરમાં કોંગ્રેસ ઉમેદવારે ઉમેદવારી પત્ર પરત લઈ લીધું છે. ઓડિશા ટીવીના રિપોર્ટ અનુસાર કેસી વેણુગોપાલને લખેલા પત્રમાં સુચારિતાએ ફંડ ન મળવાની પોતાની પરેશાની જણાવી છે.

# દિલ્હી કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અરવિંદરસિંહ લવલી ભાજપમાં

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૪

કોંગ્રેસ નેતા અરવિંદર સિંહ લવલી ભાજપમાં જોડાઈ ગયા છે. તેમણે આ અઠવાડિયે રવિવારે દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું હતું. અન્ય કોઈ પાર્ટીમાં જોડાવાના સવાલ પર તેમણે કહ્યું કે તેમણે માત્ર કોંગ્રેસના દિલ્હી અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું છે. તેઓ પાર્ટી છોડી રહ્યા નથી અને ક્યાંય જઈ રહ્યા નથી. જો કે એક સપ્તાહમાં જ તેમના નિવેદનથી વિપરીત તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા. અરવિંદર સિંહ લવલીએ પ્રદેશ અધ્યક્ષ પદ છોડ્યા બાદ કોંગ્રેસના અન્ય બે નેતાઓએ રાજીનામું આપી દીધું હતું. પૂર્વ ધારાસભ્યો નીરજ બસોયા અને નસીબ સિંહે દિલ્હીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચેના ગઠબંધન સામે વાંધો ઉઠાવતા પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હતું.

## ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને ૧૦૦ મીટર જેટલી દૂર રોકી

# ભાવનગર રેલ્વે ડિવિઝનનાં પાયલોટે ૫ સિંહોને ટ્રેનની અડફેટે આવતા બચાવ્યાં

### લોકો પાયલોટને પ્રશંસનીય કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યાં

ભાવનગર,તા.૪

ભાવનગર રેલ્વે મંડલ સિંહો/વન્યજીવોના સુરક્ષા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે ત્યારે લોકો પાયલોટ દલપત બેનીવાલે ૫ સિંહોના ટોળાને ટ્રેનની અડફેટે આવતા બચાવ્યા છે.

સીનીયર ડીસીએમ માશૂક અહમદે જણાવ્યું કે, ૪ મેના રોજ, લોકો પાયલોટ દલપત બેનીવાલ માલસામાન ટ્રેન પર ડ્રાઈવીંગ કરતાં હતા ત્યારે સવારે ૫-૧૫ કલાકે લીલીયા મોટા - સાવરકુંડલા સેક્શન વચ્ચે, કિ.મી. નંબર ૪૮/૭-૮



પર જોયું કે ૦૨ સિંહ અને ૦૧ શાવક (સિંહના બચ્ચા) ટ્રેક પર ઉભા છે અને ૦૨ વધુ શાવક ટ્રેકની નજીક ઉભા છે, જેને જોઈને લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવી અને ટ્રેનને લગભગ ૫૦-૧૦૦ મીટર જેટલી દૂર રોકીને ૦૫ સિંહોના જીવ બચાવ્યાં હતાં.

આ કારણે ઘટનાસ્થળ પર ટ્રેન ૧૫ મિનિટ મોડી પડી હતી. ઘટનાસ્થળ પર કોઈ ફોરેસ્ટ ગાર્ડ હાજર ન હતો, છતાં લોકો પાયલટે ટ્રેન રોકીને સિંહોને બચાવ્યા હતા. સિંહોએ પાટા ઓળંગ્યા પછી, ટ્રેનને સહી સલામત રીતે ઘટનાસ્થળ પરથી લોકો પાયલોટ દ્વારા ગંતવ્ય સ્ટેશન તરફ લઈ જવામાં આવી હતી.

લોકો પાયલોટ દલપત બેનીવાલને ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર દ્વારા આ પ્રશંસનીય કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## રોડનું ખાતમુહૂર્ત થયુ હતુ ત્યારે ખેડૂતો ખૂશ થયા હતા

# કોડીનાર તાલુકાનાં અડવીથી પાંચ પીપળવા નવો પેવર રોડ બનાવવામાં લોલમલોલ

કોડીનાર,તા.૪

કોડીનાર તાલુકાનાં અડવીથી પાંચ પીપળવા પેવર રોડનાં ખાતમુહૂર્તને બે વર્ષ થવા છતાં પણ હજુ આ રોડ ઉપર પેવર થયો નથી. ડોળાસા નજીકનાં પાંચ પીપળવાથી અડવી સુધીના પેવર રોડની માંગણી વર્ષો જૂની છે. રાજ્ય સરકારે ત્રણ કિ.મીની મંજૂરી આપી હતી જેમાંથી એક



તસ્વીર :અનીલ કાનાબાર

કિમી. સિમેન્ટ રોડ છે જે એક વર્ષ પહેલા બની ગયો છે. પણ બે કિ.મીનો પેવર રોડ બનાવવામાં ઠાગાઠૈયા કેમ કરવામાં આવી રહ્યા છે તે લોકોને સમજાતું નથી. જ્યારે આ રોડનું ખાતમુહૂર્ત થયું હતું ત્યારે ખેડૂતો બહુ ખુશ થયા હતા પણ હવે આ ખુશી ઓસરી ગઈ છે.

## સેવા સહકારી મંડળીના મંત્રીએ સુવિધાની માહિતી આપી

# ડોળાસા ગામની સેવા સહકારી મંડળીની ઓફિસ અદ્યતન મકાનમાં ફેરવાઈ

ડોળાસા,તા.૪

કોડીનાર તાલુકાનાં ડોળાસા ગામની સેવા સહકારી મંડળીની ઓફિસ અદ્યતન બિલ્ડિંગમાં પહેલા માળે ફેરવવામાં આવી છે. સેવા સહકારી મંડળીએ પોતાના ખર્ચે (આશરે પચીસ લાખ) સહકારી ભવનનાં નામે અદ્યતન બિલ્ડિંગ બનાવ્યું છે.



અત્યાર સુધી ડોળાસા સેવા સહકારી મંડળી જૂના મકાનમાં કાર્યરત હતી. પણ છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન મંડળીની આવકમાં નોંધપાત્ર વધારો થતાં સભાસદો અને સંચલકોનાં નિર્ણયથી સેવા સહકારી મંડળીને અદ્યતન ઓફિસ મળી છે.

જેમાં મોટો હોલ, ઉપરાંત ઓફિસ રૂમ, સ્ટોર રૂમ અને એક અતિથિ રૂમ પણ નિર્માણ પામેલ છે તેમ ડોળાસા સેવા સહકારી મંડળીના મંત્રી સુભાષભાઈ મોરીએ જણાવ્યું હતું.

## મતદાનથી અળગા રહેવાની ચીમકી આપી

# કોડીનાર શહેર, તાલુકાની નિવૃત આંગણવાડી સંચાલિકા અને હેલ્પર બહેનોએ ગ્રેચ્યુટીની બાકી રકમ મુદ્દે આવેદન પત્ર પાઠવ્યું

### કોડીનાર તાલુકાના મામલતદારે આવેદનપત્ર સ્વીકાર્યું

કોડીનાર તા.૪

ગીર સોમનાથનાં કોડીનાર તાલુકાનાં નિવૃત આંગણવાડી સંચાલિકા અને હેલ્પરોએ પોતાને મળતા ગ્રેચ્યુટીનાં લાભો



તસ્વીર : કુલદિપ પાઠક

આપવાની માંગ સાથે કોડીનાર મામલતદારને આવેદન આપ્યું હતું. ઉપરાંત જો નિવૃત આંગણવાડીની બહેનોની માંગ સ્વીકારવામાં નહીં આવે તો આગામી લોકસભા ચૂંટણીમાં મતદાનથી અળગા રહેવાની ચીમકી આપી હતી. પહેલા તો કોડીનાર મામલતદાર આવેદનપત્ર સ્વીકાર્યા વગર જ જતા રહ્યા હતા પરંતુ મહિલાઓએ રામધૂન બોલાવી હતી. આખરે મામલદાર પરત ફર્યા અને આવેદન સ્વીકાર્યું હતું.

# ઈફકોની ચૂંટણીમાં જયેશ રાદડીયાએ ફોર્મ નહી ખેંચતા ચૂંટણી જંગ જામશે

રાજકોટ,તા.૪

ભારતની ટોચની સહકારી સંસ્થા 'ઈફ્કો'ની આગામી ૯ મેંના રોજ યોજાનારી ડાયરેક્ટર બોર્ડની ચૂંટણી પૂર્વે સહકારી ક્ષેત્રમાં ઉત્તેજના જોવા મળી રહી છે. ગઈકાલે અંતિમ દિવસે ફોર્મ પરત ન ખેંચાતા હવે ગુજરાતમાં ૩ સહકારી ઉમેદવારો વચ્ચે ચૂંટણી થવા જઈ રહી છે. જેમાં રાજકોટના જયેશ રાદડિયા, અમદાવાદના બિપિન પટેલ અને મોડાસાના પંકજ પટેલનો સમાવેશ થાય છે. કેન્દ્રીય સહકારી મંત્રી અમિત શાહ ગત



૨૭ એપ્રિલના રોજ ચૂંટણી પ્રચાર માટે જામકંડોરણામાં જાહેરસભાને સંબોધન કર્યુ હતું. ત્યારબાદ જયેશ રાદડિયાના નિવાસ સ્થાને દોઢ કલાક જેટલો સમય વિતાવી ભોજન પણ લીધું હતું. ત્યાર પછી સહકારી ક્ષેત્રનું ચિત્ર બદલાયાની ચર્ચા ચાલી છે. સહકારી ચૂંટણીમાં પણ પાર્ટી મેન્ડેટ ફરજીયાત કરવાનો નિર્ણય હોવાથી ભાજપ દ્વારા આ વખતે બિપિન નારણભાઈ પટેલ (ગોતા)ને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. જો કે, જયેશ રાદડિયાએ પણ મેન્ડેટ વગર ફોર્મ ભરી દીધું હતું અને શુક્રવારે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો, પરંતુ કોઈએ ફોર્મ પરત ન ખેંચતા રાજકોટના જયેશ રાદડિયા, અમદાવાદના બિપિન પટેલ અને મોડાસાના પંકજ પટેલ વચ્ચે ચૂંટણી જંગ જામશે. ત્યારે સહકારી ક્ષેત્રના રાજકારણમાં કોણ બાજી મારશે તે વિશે સહકારી તથા રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

# બીલ પાસ કરાવવા નાણા માંગનાર ધંધુકાનો ના.કાર્યપાલક ઈજનેર ઝડપાયો

## એસીબીએ તપાસ કરતા ગાદલામાંથી રૂ. ૩૦ લાખ મળ્યા

અમદાવાદ,તા.૪

કોન્ટ્રાકટરના ૪ મહિનાના બિલ પાસ કરવા માટે રૂ.૧.૨૦ લાખની લાંચ માગનાર ધંધુકાના નાયબ કાર્યપાલક ઈજનેર વૈભવ શ્રીવાસ્તવના ઘરમાંથી એસીબીને રોકડા રૂ.૩૦ લાખ મળ્યા છે. વૈભવે ઓફિસની ઉપર આવેલા




રેસ્ટ હાઉસના બેડરૂમમાં ડબલ બેડના ગાદલામાં પૈસા છૂપાવીને રાખ્યા હતા. વૈભવ મૂળ ઝારખંડનો છે અને તેની પત્ની પણ ત્યાં સરકારી કર્મચારી હોવાથી તેણે ઝારખંડમાં અપ્રમાણસર મિલકતો વસાવ્યાની શંકાએ એસીબી ત્યાં જઈને તપાસ કરશે. ધંધુકા તાલુકાના ૫૪ ગામમાં પાણી પુરવઠાના મેન્ટનન્સનો કોન્ટ્રાકટ ધરાવતા વેપારીના ૪ મહિનાના બિલ મંજુર થઈને ધંધુકાના નાયબ કાર્યપાલક ઈજનેર વૈભવ શ્રીવાસ્તવ પાસે પડયાં હતાં. બિલમાંથી એક પણ રૂપિયો નહીં કાપવા અને તે બિલ તાત્કાલિક આગળ મોકલીને મંજૂર કરાવવા માટે વૈભવ શ્રીવાસ્તવે કોન્ટ્રાકટર પાસેથી રૂ.૧.૨૦ લાખની લાંચની માંગણી કરી હતી. જો કે કોન્ટ્રાકટર વૈભવને પૈસ આપવા માગતો ન હોવાથી તેણે એસીબીમાં ફરિયાદ કરતા ટ્રેપમાં લાંચ લેતા ઝડપાઈ ગયો હતો.

## સુરતમાં હાર્ટએટેકથી લોકોની ચિંતા વધી

# ૧૫૦ દિવસમાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા

સુરત,તા.૪

ગુજરાતના સુરતમાં હાર્ટ એટેકથી લોકોની ચિંતા વધી છે. છેલ્લા ૧૫૦ દિવસમાં હાર્ટ એટેકના કારણે અચાનક ૧૩૮ લોકોના મૃત્યુના કારણે લોકોની ચિંતા વધી ગઈ છે. નવી મુંબઈ અને સ્મીર હોસ્પિટલોમાં દરરોજ ૧૦ થી ૧૦૦ લોકો ECG માટે આવે છે. આ અચાનક થયેલા મૃત્યુમાં મૃતકના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં લોહી ગંઠાઈ જવાને કારણે મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા ૧૫૦ દિવસમાં જ શહેરમાં ૧૩૮ લોકોના અચાનક મોત થયા છે. જેના કારણે ખાસ કરીને યુવાનોમાં હાર્ટ એટેકનું જોખમ વધી ગયું છે. સુરત શહેરની સિવિલ અને સ્મીર જ્યાં દરરોજ ૮-૧૦ લોકો ECG માટે આવતા હતા. છેલ્લા કેટલાક દિવસોમાં આ સંખ્યા વધીને લગભગ ૧૦૦ થઈ ગઈ છે.



એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે યુવાનોનું હૃદય સતત કમજોર થઈ રહ્યું છે. આ દિવસોમાં લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની તેમના હૃદય પર અસર પડી રહી છે. જેના કારણે હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ સૂચવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદય રોગથી પીડિત હતા. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી લગભગ ૨.૫ કરોડ લોકો ૪૦ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના છે.

ડબ્લ્યુએચઓનો લેટેસ્ટ રિપોર્ટ ભારતીયોને પણ ડરાવશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં હૃદય રોગના કારણે મૃત્યુની સંખ્યામાં ૭૫ ટકાનો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, માત્ર વર્ષ ૨૦૧૯માં જ વિશ્વભરમાં લગભગ ૧.૮૦ કરોડ લોકો હૃદયની બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા છે. આમાંથી ૮૫ ટકા મૃત્યુ એકલા હાર્ટ એટેકને કારણે થાય છે.

કાર્ડિયોલોજિસ્ટના મતે હાર્ટ એટેકની સ્થિતિને 'મ્યોકાર્ડિયલ ઈન્ફાર્ક્શન' કહેવામાં આવે છે. આ એવી સ્થિતિ છે જેમાં હૃદયના એક ભાગમાં લોહીનો પુરવઠો બંધ થઈ જાય છે અને તેના કારણે લોહી અને ઓક્સિજન લાંબા સમય સુધી પહોંચી શકતું નથી. જેના કારણે તે કામ કરવાનું બંધ કરી દે છે અને વ્યક્તિનું મૃત્યુ થાય છે. હાર્ટ એટેકનું મુખ્ય કારણ સામાન્ય રીતે લોહીના ગંઠાવાનું સંચય છે. તેને લોહી ગંઠાઈ જવા પણ કહેવાય છે, જે ધમનીઓમાં ચરબીના સંચયને કારણે થાય છે.

# પોલીસના જાહેરનામાની પડકારતી ક્ષત્રિય સમાજની અરજી હાઈકોર્ટે ફગાવી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૪

કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય નેતા પુરૂષોત્તમ રૂપાલાના વિવાદીત નિવેદનને લઈ ક્ષત્રિય સમાજ અને રાજપૂત સમાજમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિને લઈ અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા કલમ-૧૪૪ હેઠળ જારી કરાયેલા જાહેરનામાને પડકારતી રાજપૂત સમાજ તરફથી કરાયેલી રિટ અરજી આજે જસ્ટિસ વૈભવી ડી.નાણાવટીએ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે અરજદારપક્ષને કોઈપણ રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે આજે આ કેસમાં પોતાનો ચુકાદો જાહેર કરતાં જણાવ્યું હતું કે, કલમ-૧૪૪નું જાહેરનામું એ શહેર પોલીસ કમિશનરના સત્તાક્ષેત્રમાં આવતી બાબત છે અને ચૂંટણીઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તેવા જાહેર હિતમાં લેવાયેલો નિર્ણય છે. વળી, જાહેરનામાથી કોઈ વિરોધ કે દેખાવો તેમ જ રેલી-સભા પર પ્રતિબંધ નથી ફરમાવાયો પરંતુ માત્ર કાળા વાવટા અને ઉશ્કેરણીજનક ભાષણ જ પ્રતિબંધિત કરાયુ છે.

સત્તાવાળાઓ દ્વારા અરજદારની કોઈ રેલી કે મીટીંગ કે સભા સંબંધી અરજી નામંજૂર કરાઈ નથી અને તેથી અરજદારની દાદ ગ્રાહ્ય રાખવા માટે કોઈ કારણ બનતુ નથી.

# મતદાનના દિવસે અમરેલીમાં ૪૪ ડીગ્રી તાપમાન રહેવાની ધારણા

અમરેલી,તા.૪

લોકસભાની ચૂંટણીમાં ત્રીજા તબક્કાના મતદાનને આડે હવે ત્રણ જ દિવસ બાકી રહ્યા છે. પ્રચારના પડઘમ શાંત થવા પર છે પણ ગરમી વધવાની હોવાથી તંત્ર, લોકો અને નેતાઓ બધા જ ચિંતામાં છે. કારણ કે મતદાનના દિવસે જ તીવ્ર હીટવેવની શક્યતા છે અને રાજકોટમાં તો પારો ૪૩ ડિગ્રી સેલ્શિયસ સુધી પહોંચી જશે. અમરેલી જિલ્લામાં આજે તાપમાનનો પારો ૪૧ ડીગ્રીને પાર કરી ગયો હતો. માત્ર ૨૪ જ કલાકમાં મહત્તમ તાપમાન ૪૦થી ૪૧ થઈ જતા લોકોએ



આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ અમરેલીમાં મતદાનના દિવસે તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી જાય તેવી સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવે હીટવેવની સ્થિતિ સર્જાઈ રહી છે.આ કારણે લોકોએ મતદાન કરવા માટે ૧૨ વાગ્યા સુધીમાં પહોંચી જવાનું સૂચન હવામાન વિભાગે કર્યું છે. હીટવેવની સ્થિતિને લઈને ચૂંટણીતંત્ર, રાજકીય નેતાઓ, આરોગ્યતંત્ર બધાને સૌથી વધુ ચિંતા થઈ રહી છે. તડકાને કારણે મતદાન ઘટ્યું તો તેને ગંભીર બાબત ગણવામાં આવશે અને મતદાન વધારવા માટે જો વધારે કતારો થઈ અને ભરબપોરે પણ કતારો રહી તો આવા સમયે હીટસ્ટ્રોકના બનાવો વધશે અને તેમાં પણ તંત્રને જ વ્યવસ્થા કરવામાં પરસેવો વળી જશે.

# રાજકોટ પોલીસ સ્ટેશનમાં જ પ્રેમી પંખીડાનો આપઘાતનો પ્રયાસ, પ્રેમિકાનું મોત

રાજકોટ,તા.૪

રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ પોતાના ગળામાં બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયાર વડે આત્મહત્યાની કોશિશ કરી હતી. જેમાં પ્રેમિકાનું ઘટના સ્થળ પર જ મોત થયું છે. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. રાજકોટ પોલીસ ફરી એક વખત ચર્ચામાં આવી છે. આજે રાત્રીના સમયે રાજકોટ યુનિવર્સિટી પોલીસ



સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ આત્મહત્યાની કોશિશ કરી હતી જેમાં યુવતીનું પોલીસ સ્ટેશનમાં જ મોત નીપજ્યું હતું. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રેમી પંખીડા મૂળ કચ્છના નખત્રાણાના મોટી વિરાણી ગામના રહેવાસી હતા અને ગઈકાલે બંને ઘરેથી ભાગી રાજકોટ પહોંચ્યા હતા હાલ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પોલીસ સ્ટેશનની અંદર બનેલી ગંભીર ઘટના પગલે જવાબદાર પોલીસ સામે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે જોવું મહત્વનું રહેશે.

# આજ સાંજથી અમરેલી સહિત રાજયમાં પ્રચાર પડઘમ શાંત

અમરેલી,તા.૪

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં આગામી તા.૭ના રોજ લોકસભાના મતદાનની તારીખ જાહેર કરવામાં આવી હતી. જો કે આ વખતની લોકસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામ વહેલા જાહેર કરવામાં આવતા ઉમેદવારોને પ્રચાર કરવાનો વધુ સમય મળ્યો હતો. તા.૧૯થી ઉમેદવારનું ચિત્ર સ્પષ્ટ થતા ઉમેદવારોએ પોતાના વિસ્તારમાં જાહેરસભાઓ કરી હતી. રાજયમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, પ્રિયંકા ગાંધી સહિતના દિગ્ગજોએ સભા ગજવી હતી. જો કે ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ તા.૭ને મંગળવારના સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન હોય અને વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આજ સાંજથી જાહેરસભાઓ,પ્રચાર-પ્રસાર પર રોક લાગી જશે જેથી ઉમેદવારો હવે ખાનગી બેઠકો યોજી મતદારોને રીઝવવાનો પ્રયાસ કરશે. ચૂંટણીને બે દિવસની વાર હોવાથી ઉમેદવારો પણ એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે.

# જામકંડોરણા ખાતે વૃદ્ધ ખેડૂત દંપતીએ ગળાફાંસો ખાઈ લીધો

ધોરાજી, તા.૪

જામંડોરણામાં એક વૃદ્ધ ખેડૂત દંપતીએ ગળાફાંસો ખાઈ લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. જાણવા મળતી માહિતી મુજબ જામકંડોરણાના તળાવ પ્લોટ વિસ્તારમાં રહેતા વૃદ્ધ ખેડૂત છગનભાઈ નારદભાઈ ઉ.વ. ૭૦ અને તેમના પત્ની લીલાબેને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પીએમ માટે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. લીલાબેનને ગંભીર બીમારી હોઈ છગનભાઈ પણ વૃદ્ધ હોય અને કંટાળી જવાથી બંનેએ આ પગલું ભર્યુ હોવાનુ તેમના પુત્રોએ જણાવ્યું હતુ. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે.











